



Post Regn. G/JND/23 (VALID up to 31-12-2023) RNI Regn. No. 27509/67 • Ph. : (0285) 2621000/ 2651800, E-mail : saurashtrabhoomi@gmail.com, Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૭ અંક : ૨૩૧ જૂનાગઢ તા.૧૮-૯-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)




# જૂનાગઢ મનપાનાં નિંભર શાસકો વધુ એક જળ હોનારત થવાની રાહ જોઈ રહયા છે ?





જૂનાગઢ તા. ૧૮

ગત તા. ૨૦ જૂને જૂનાગઢ શહેરમાં જળ હોનારત સર્જાઈ હતી જેના ભયાવહ દ્રશ્યો આજે પણ જૂનાગઢવાસીઓને ધ્રુજાવી જાય છે ત્યારે આ જળ હોનારત બાદ પણ જૂનાગઢ મહાનગરપાલિકાનાં તંત્રએ છેલ્લા ત્રણ માસ જેટલો સમયમાં કોઈ કાર્યવાહી કરી હોય તેવું બહાર આવ્યું નથી. માત્ર સર્વે અને નોટીસનાં નાટકો અને કમીટીની રચના સિવાય કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હજુ પણ કાળવાનાં વોકળા પર થયેલા દબાણો અંગે કોઈ નકકર કાર્યવાહી થઈ નથી. જૂનાગઢ મનપાનાં જણાવ્યા મુજબ કુલ ૯૯ આસામીઓને નોટીસ આપવામાં આવી છે પરંતુ કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવી નથી. આ ૯૯ નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે તેના નામ પણ જાહેર કરવામાં આવ્યા નથી. જે દર્શાવે છે કે, જૂનાગઢ મહાનગરપાલિકાનાં સત્તાધીશો જૂનાગઢની જનતાની આંખમાં ધુળ નાખવાની કોશીષ કરી રહયા છે. વર્તમાન ચોમાસુ જાય તેવી ગણતરીએ વિલંબ કરવાની નીતિ અપનાવી રહયા હોવાનું જાણકાર સુત્રોમાં ચર્ચાઈ રહયું છે. જૂનાગઢ મહાનગરપાલિકાનાં નિંભર તંત્રને કુંભકર્ણની નિંદ્રામાંથી ઉઠાડવા માટે ફરી એક જળ હોનારત થવાની રાહ જોવાઈ રહી છે કે શું ? તેવું આજે જૂનાગઢની જનતામાં ચર્ચાઈ રહયું છે. ૧૨.૩૦ કલાકનાં અહેવાલ મુજબ કાળવો નદી બેકાંઠે વહી રહી છે અને રાયજીબાગ વિસ્તારનાં રહેવાસીઓનાં જીવ તાળવે ચોંટી ગયા છે કારણ કે કાળવા નદીનાં પુરનાં પાણી ફરી એકવાર રાયજીબાગ વિસ્તારમાં ઘુસી જાય તેવી ભીતિ છે.

કાળવા નદીનાં પુરનાં પાણીને અટકાવવા માટે જે દિવાલ બનાવવામાં આવી છે તેમાં માત્ર રેતીની બોરીઓની દિવાલ કરવામાં આવી છે જે દિવાલ પુરનાં પાણીને અટકાવી શકે તેમ નથી તેથી ફરી એકવાર કાળવા નદીનાં પુરનાં પાણી રાયજીબાગ વિસ્તારની સોસાયટીઓમાં ઘુસી જાય તેવી પ્રબળ શકયતા હોવાનું આ વિસ્તારનાં નાગરીકોએ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને ફરીયાદ કરતા જણાવ્યું છે.

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ



# કાળવો બેકાંઠે : લોકોનાં શ્વાસ અધ્ધર : તંત્ર કુંભ કર્ણની નિંદ્રામાં





જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ શહેરમાં આજે પણ જળ હોનારત થાય તેવા સંજોગો આકાર લઈ રહયા છે. ભાજપનાં જ એક જવાબદાર સુત્રોએ એક વિડીયો ઉતારીને કલેકટર, કમિશ્નરને સંબોધીને વિડીયો વાયરલ કર્યો છે જેમાં કાળવા નદીનાં ધસમસતા પુરનાં પાણી બેકાંઠે વહી રહયા હોવાનું દર્શાય છે અને આજે પણ ગત તા. ૨૦ જૂન નાં રોજજે જળ હોનારત સર્જાઈ હતી તેવા દ્રશ્યો સર્જાઈ રહયા છે. કાળવાનાં તોફાની પુરનાં પાણી ગત તા. ૨૦ જૂનની જેમ જ ધસમસતો પ્રવાહ વહી રહયો છે અને આ પાણીનો જથ્થો રાયજીબાગ તરફ ધસી રહયું છે. જૂનાગઢની મધ્યમાં આવેલા તળાવનું બ્યુટીફીકેશનનું કામ ચાલુ હોય તે તરફનો ગેટ બંધ કરવામાં આવેલ હોય જેથી પાણીનો જથ્થો રાયજીબાગ તરફ ડાયવર્ટ થયેલો છે અને આ વિસ્તારનાં રહેવાસીઓને ફરી એકવાર પાણીનાં પ્રવાહને જોઈને થર થર ધ્રુજી રહયા છે. એવી ભીતિ વ્યકત થઈ રહી છે કે, કયાંક વળી પાછા પુરનાં પાણી આ વિસ્તારમાં પ્રવેશીને તબાહી મચાવી ન દે ... વધારે ગંભીર બાબત એ છે કે, આવી સ્થિતિમાં પણ જૂનાગઢ મહાનગરપાલિકાનું તંત્ર કુંભ કર્ણની નિંદ્રામાં સુઈ રહયું છે. પાણીનો પ્રવાહ સતત વધી રહયો હોવા છતાં મહાનગરપાલિકાનાં સત્તાધિશોમાંથી કોઈપણ જવાબદાર અધિકારી , પદાધીકારી સ્થળ પર ઉપસ્થિત નથી અને જૂનાગઢની જનતાનાં જાનમાલને રામભરોસે મુકી દેવામાં આવ્યા છે.

### ૮૮ દિવસ બાદ જૂનાગઢ શહેર જીલ્લામાં મેઘરાજાની તોફાની બેટીંગ :

# વિસાવદરમાં ૬ કલાકમાં દે ધનાધન ૧૦ ઈંચ વરસાદ




જૂનાગઢ તા. ૧૮

છેલ્લા બે માસ કરતા વધુ સમય સુધી વિરામ લીધા બાદ આખરે મેઘરાજાએ જૂનાગઢ શહેર જીલ્લામાં ભારદવામાં અષાઢી માહોલ સર્જી દીધો છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ જૂનાગઢ જીલ્લાનાં વિસાવદરખાતે આજે સવારનાં ૬ થી બપોરનાં ૧૨ વાગ્યા સુધી માત્ર ૬ કલાકમાં ૨૦૫ મી.મી. (૧૦ ઈંચ) વરસાદ ખાબકતા વિસાવદર વિસ્તાર જળબંબાકાર થઈ ગયો છે. વિસાવદર બાદ મેંદરડામાં ૧૫૭ મી.મી. (૬.૨૫ ઈંચ), વંથલી ૧૫૭ મી.મી. (૬.૨૫ ઈંચ) વરસાદ ખાબકયો છે. આમ વંથલી, વિસાવદર, મેંદરડામાં બારેમેઘ ખાંગા થયા છે. જયારે જીલ્લાનાં અન્ય તાલુકાઓમાં ભેસાણ ૫૦ મી.મી., જૂનાગઢ ૬૧ મી.મી., માણાવદર ૪૨ મી.મી., માળીયા હાટીના ૮ મી.મી., કેશોદ ૧૧ અને માંગરોળમાં ૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જયારે વિસાવદરમાં પડેલા ભારે વરસાદનો કારણે જૂનાગઢ તાલુકાનાં બાદલપુર ગામ પાસે આવેલ ઓઝત-૨ ડેમ ઓવરફલો થતાં ચાર દરવાજા ૦.૬૦ મીટર ખોલવામાં આવેલ છે. જયારે વંથલી નજીક આવેલ ઓઝત વિયર ડેમ પણ ઓવરફલો થવાની તૈયારીમાં હોય જેથી વંથલી તાલુકાનાં ગામો વંથલી, કણજા, આખા, ટીકર, પાદરડી અને પીપલાણા ગામને એલર્ટ કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં પણ ધોધમાર વરસાદ વરસી રહયો છે. જૂનાગઢ નજીક આવેલા ગિરનાર અને દાતાર ડુંગર વિસ્તારમાં ભારે વરસાદ પડી રહયો હોવાનું જાણવા મળેછે જેને કારણે કાળવો નદી બેકાંઠે વહી રહી છે. કાળવો નદી બે કાંઠે વહેતા ફરી એકવાર જૂનાગઢવાસીઓને ગત તા. ૨૦ જુને થયેલી જળ હોનારતનાં દ્રશ્યો નજર સામે આવી રહયા છે.

# જૂની સંસદમાં કાર્યવાહીનો આજે અંતિમ દિવસ : વડાપ્રધાન મોદીએ ૭૫ વર્ષની સંસદીય યાત્રા વર્ણવી : આવતીકાલથી નવી સંસદ ભવનમાં કાર્યવાહી શરૂ થશે

નવી દિલ્હી તા.૧૮

જૂની સંસદમાં સોમવારે સંસદીય કાર્યવાહીનો છેલ્લો દિવસ છે. મંગળવારથી એટલે કે ૧૯મી સપ્ટેમ્બરથી સંસદની કાર્યવાહી નવા સંસદભવનમાં ચાલશે. આ બિલ્ડીંગમાં પોતાના છેલ્લા ભાષણમાં પીએમ મોદીએ કહ્યું, ’દેશે ફરી એકવાર ૭૫ વર્ષની સંસદીય યાત્રાને યાદ કરવી જોઈએ અને નવા ગૃહમાં જતાપહેલાં તે પ્રેરણાદાયીક્ષણો અને ઈતિહાસની મહત્વપૂર્ણ ક્ષણોને યાદ કરીને આગળ વધવું જોઈએ. આપણે બધા આ ઐતિહાસિક ઈમારતને વિદાય આપી રહ્યા છીએ.

તેમણે કહ્યું, ’આઝાદી બાદ આ ઈમારતને સંસદ ભવન તરીકેઓળખ મળી. આ ઈમારત બાંધવાનો નિર્ણય વિદેશી શાસકોનો હતો. આપણે ગર્વથી કહી શકીએ કે આ ઈમારતના નિર્માણમાં મારા દેશવાસીઓનો પરસેવો અને મહેનત લાગી છે. પૈસા પણ મારા દેશના લોકોના હતા.

કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. વિશેષ સત્રમાં પાંચ બેઠકો થશે. આ સમયગાળા દરમિયાન ચાર બિલ રજૂ કરવામાં આવશે. બીજી તરફ વિપક્ષી પાર્ટીઓએ સરકારને સવાલ-જવાબ આપવા માટે ૯ મુદ્દાઓની યાદી તૈયાર કરી છે. વિપક્ષી ગઠબંધન **I.N.D.I.A** ના ૨૪ પક્ષો આ સત્રમાં ભાગ લેશે.

ચંદ્રયાન-૩ ની સિદ્ધિની દેશ અને દુનિયા પર નવી અસર પડશે. આ ગૃહમાંથી હું ફરી એકવાર દેશના વૈજ્ઞાનિકોને સલામ અને અભિનંદન પાઠવું છું. આજે તમે સર્વસંમતિથી ૨૨૦ની સફળતાની પ્રશંસા કરી છે, હું તમારો આભાર વ્યક્ત કરું છું. જી-૨૦ની સફળતા એ સમગ્ર દેશની સફળતા છે, કોઈ પક્ષની નહીં પરંતુ સમગ્ર ભારત અને ૧૪૦ કરોડ ભારતીયોની સફળતા છે. દેશની અલગ-અલગ સરકારોએ ૨૨૦ બેઠકનું ભવ્ય આયોજન કર્યું, જેની અસર સમગ્ર દેશ પર પડી.ભારતને એ વાત પર ગર્વ થશે કે જે સમયે ભારત ૨૨૦નું અધ્યક્ષ બન્યું, આફ્રિકન યુનિયન જી-૨૦નું સભ્ય બન્યું, આ ઐતિહાસિક છે. વડાપ્રધાન મોદીએ પત્રકારોને યાદ કર્યા જેમણે સંસદનું રિપોર્ટિંગ કર્યું. તેમણે કહ્યું કે- સંસદના સામર્થ્યની આગને સંસદની બહાર પહોંચાડતા હતા અને કેટલાક અંદરો અંદર પહોંચાડતા હતા. એ પત્રકાર મિત્રો સંસદની દરેક કાર્યવાહીના સાક્ષી રહ્યા છે. જેવી તાકાત અહીંની દીવાલોમાં રહી છે, તેવી તાકાત તેમની કલમમાં પણ રહી છે. આ સંસદ છોડવું ભાવુક પળ છે. આપણે બધા આ ઐતિહાસિક ઈમારતને વિદાય આપી રહ્યા છીએ. આઝાદી બાદ આ ઈમારતને સંસદ ભવન તરીકે માન્યતા મળી. આ ઈમારત બાંધવાનો નિર્ણય વિદેશી શાસકોનોહતો. આપણે ગર્વથી કહી શકીએ કે મારા દેશવાસીઓનો પરસેવો, અને પરિશ્રમ આ ઈમારતના નિર્માણમાં લાગેલો હતો. આ ઈમારત બાંધવામાં પૈસા પણ મારા દેશના ખર્ચાયા હતા. પંડિત નેહરુ અને શાસ્ત્રીજીથી લઈને અટલ બિહારીઅને મનમોહન સિંહજી સુધી દરેકે દેશને નવી દિશા આપી છે. આજે દરેકના વખાણ કરવાનો સમય છે. દરેક વ્યક્તિએ આ ગૃહને સમૃદ્ધ બનાવવા અને દેશના સામાન્ય નાગરિકને અવાજ આપવાનું કામ કર્યું છે. જ્યારે દેશે રાજીવજી અને ઈન્દિરાજીને ગુમાવ્યા ત્યારે આ ગૃહે તેમને અશ્રુભીની શ્રદ્ધાંજલિ આપી. દરેક સ્પીકરે આ ગૃહને સરસ રીતે ચલાવ્યું છે. તેમના કાર્યકાળ દરમિયાન તેમણે લીધેલા નિર્ણયો આજે પણ રેફરેન્સ પોઈન્ટ ગણાય છે. માલવંકરજીથી લઈને સુમિત્રાજી સુધી, દરેકની પોતાની શૈલી રહી છે. દરેક વ્યક્તિએ નિયમો અને કાયદાની મર્યાદામાં આ ગૃહ ચલાવ્યું. આજે હું તે બધાને અભિનંદન અને વંદન કરું છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંડિત નહેરૂને યાદ કર્યા અને પછી પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને યાદ કરીને કહ્યું કે, અટલજીએ જે પંક્તિઓ બોલી હતી, તે સંસદમાં આજે પણ ગુંજે છે.

## ડો.વી.એમ.ચાંડેરા કોલેજ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી






(નિલેશરાજપરા દ્વારા)

માંગરોળતા.૧૮

તા.૧૭/૦૯/૨૦૨૩ ને રવિવારે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી પ્રધાન સેવક નરેન્દ્રભાઈ મોદીના ૭૩ મા જન્મ દિવસનિમીતેપુરા દેશભરમાં ૧૫ ઓક્ટોબર સુધી "સ્વચ્છતા હી સેવા " ના કાર્યક્રમો થવાના છે ત્યારે ડો.વેજાભાઈ એમ.ચાંડેરા કન્વીનર જૂનાગઢ જિલ્લા ભાજપ શિક્ષક સેલ અને શ્રી બક્ષીપંચ કુમાર છાત્રાલય લોએજ તા.માંગરોળના છાત્રોદ્વારા શ્રીમતી વી.એમ.ચાંડેરા આર્ટસ,કોમર્સ,સાયન્સ એન્ડ ગૃપ ઓફ કોલેજીસ કેમ્પસમાં વૃક્ષારોપણ અને સફાઈ કરવામાં આવી અનેછાત્રોમાં નાનપણ થી જ સ્વચછતાનાગુણોપોતાનાજીવનમાં ઉતરે તેમાટે છાત્રોનેસંસ્થાના પ્રમુખ ડો.વેજાભાઈ એમ.ચાંડેરાએ માહિતી આપી અને અંતમાં તમામ છાત્રોને આઈસ્ક્રીમ ખવડાવીને માનનીય મોદી સાહેબના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાંજિલ્લા અધ્યક્ષ ભારતીય કિસાન સંઘ ગોવિંદભાઈ ચોચા, અરજનભાઈ નંદાણિયા કિસાન સંઘ મંત્રી, ગોવિંદભાઈ નંદાણિયા સી.આર.સી. આંત્રોલી, વરજાંગભાઈ ચાંડેરા,ગોકુલ ગૃપના રાજુભાઈ નંદાણિયા, દિપકભાઈ એરડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે માંગરોળમાં રકતદાન કેમ્પ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૧૮

ગુજરાતના પનોતા પુત્ર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ પર માંગરોળ શહેર યુવા ભાજપ તેમજ તાલુકા યુવા ભાજપ દ્વારા માંગરોળની શ્રી ગોપાલ કૃષ્ણ ગૌશાળામાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં માંગરોળ - માળિયાના ધારાસભ્યશ્રી ભગવાનજીભાઈ કરગટીયા, રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષશ્રી વેલજીભાઈ મસાણી, જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી ડો.જયકુમાર ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ લીનેશભાઈ સોમૈયા, તાલુકા ભાજપ પ્રમુખ દાંનાભાઈ બાલસ, શહેર ભાજપ મહામંત્રી ધનસુખભાઈ હોદાર, આશિષભાઈ પંડ્યા, તાલુકા ભાજપ મહામંત્રી ,પરબતભાઈ જોટવા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બાલુભાઈ કોડીયાતર, શહેરનાં યુવા ભાજપ પ્રમુખ ભગીરથસિંહ ચુડાસમા મહામંત્રી ઉમેશભાઈ મચ્છ તેમજ યુવા મોરચાની ટીમ તેમજ તાલુકાનાં યુવા ભાજપના પ્રમુખ રવિભાઈ નંદાણીયા તેમજ તેમની ટીમ તેમજ માર્કેટિંગ યાર્ડના વાઈસ ચેરમેન ચેતનભાઈ કગરાણા સહીત માંગરોળ શહેર તેમજ તાલુકા ભાજપનાં હોદેદારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ. આ રક્તદાન કેમ્પમાં કુલ ૬૧ વ્યક્તિએ રક્તદાન કરેલ.

## માંગરોળ તાલુકા શહેર કિસાન મોરચા ભાજપ દ્વારા વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૧૮

માંગરોળ તાલુકા શહેર કિસાન મોરચા ભાજપ દ્વારા આત્મનિર્ભર ભારતના પ્રણેતા, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમતે સેવા પખવાડિયા અંતર્ગત આયોજિત કામનાથ મુકામે ગણપતિ બાપા ના મંદિરની સામેના પટાંગણમાં સ્વચ્છતા અભિયાન નો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં કિસાન મોરચાના જિલ્લાના આગેવાન માનસિંગભાઈ ડોડીયા, માંગરોળ તાલુકા કિસાન મોરચાના પ્રમુખ સુદાભાઈ કોડીયાતર માંગરોળ તાલુકા ભાજપ પ્રમુખ દાનાભાઈ બાલાસ તાલુકા ભાજપ મહામંત્રી દાનાભાઈ ખાંભલા, અરજણભાઈ આતરોલીયા પ્રકાશભાઈ સોચા વગેરે કાર્યકર્તા પ્રતિકાત્મક રૂપે સાવરણા થી સફાઈ કરી આ અભ્યાનને સફળ બનાવવા પ્રયત્ન કરેલ.

## ઓખામાં કૃષ્ણ પાંજરાપોળ ગૌશાળામાં ગૌપુજન કાર્યક્રમ યોજાયો



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા.૧૮

ઓખા ખાતે ઓખા કૃષ્ણ પાંજરાપોળ ગૌશાળામાં સૌપ્રથમ વાર ગૌ પૂજનનું આયોજન કરવામાં આવેલ.જે ઓખા ગૌ સેવા ગ્રુપ એ જેહમત ઉઠાવી જેમાં અનેક યજમાનો એ લાભ લીધો અને ગાય નું પૂજન કર્યું. ઓખા ગૌ સેવા ગ્રુપ ની આ નવી પેહલ યુવાનો ને પ્રેરિત કરે એવી ગૌમાતા ના ચરણોમાં પ્રાર્થના કરેલ.

## જગદ્‌ગુરૂ શંકરાચાર્યજી બ્રહ્મલીન સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતી મહારાજશ્રીનાં જન્મ શતાબ્દી પાટોત્સવની ઉજવણી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા.૧૮

સ્વતંત્રા સંગ્રામ સેનાની પૂજ્યપાદ અનંતશ્રીવિભૂષિત જ્યોતિષપીઠાધીશ્વર એવં દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરૂ શંકરાચાર્ય બ્રહ્મલીન સ્વામીશ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજશ્રી નો જન્મ શતાબ્દી પ્રાટોત્સવ વિક્રમ સં. ૨૦૭૯ ભાદરવા સુદ ત્રીજ (કેવડા ત્રીજ) આજ તા. ૧૮ ૦૯/૨૦૨૩ સોમવારના સમપન્ન થશે. પૂજ્યપાદ અનંતશ્રીવિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રી પાવન સાનિધ્યમાં જન્મોત્સવ ભવ્યતા થી ઉજવવામાં આવશે. આ પાવન જન્મોત્સવમાં ભગવાન ચંદ્રમૌલીશ્વર રુદ્રાભિષેક, પ્રભુશ્રી દ્વારકાધીશજીની ધ્વજાજીનું પૂજન એવં પૂજયપાદશ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્યજીનું પાદુકા પૂજન, ગુગ્ગળી જ્ઞાતિ ૫૦૫ સમસ્ત બ્રહ્મભોજન, પ્રભુશ્રી દ્વારકાધીશજી અન્નકુટ ઉત્સવ, શ્રીશારદાપીઠ વિદ્યાસભા સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા ધાર્મિક ઉત્સવો શ્રીશારદાપીઠ ખાતે સમપન્ન થવાના છે. ઉપરોક્ત કાર્યક્રમમાં સમગ્ર સનાતનધર્માનુરાગી ગુરૂભક્ત ને સહપરિવાર ઈષ્ટમિત્ર સાથે પધારવા શ્રીશારદાપીઠ પરિવાર દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જૂનાગઢ શહેરના વિવિધ વોર્ડમાં ૧૫ ઓક્ટોબર સુધી સફાઈ ઝુંબેશ

## વોર્ડ વિસ્તાર, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, હેરીટેજ સ્થળો, સાર્વજનિક સ્થળો, પ્રવાસન સ્થળો, પ્રાણી સંગ્રહાલય, નદી કિનારાઓ, સાર્વજનિક બગીચાઓ, મહાનુભાવોની પ્રતિમાઓઅને મુખ્ય માર્ગો સહિત જાહેર સ્થળો પર સફાઈ કરાશે

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૨ ઓક્ટોબર એટલે કે મહાત્મા ગાંધી જયંતિને સ્વચ્છતા થકી જન આંદોલનની ઉજવણી કરવા માટે સ્વસ્થ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વસ્થ ભારત દિવસ અંતર્ગત સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અનેશહેરી એમ સંયુક્ત રીતે ૧૫મી ઓક્ટોબર ૨૦૨૩ સુધી સ્વચ્છતા હી સેવા પખવાડિયાનું સ્વચ્છતા લક્ષી જુદી જુદી થીમ સાથે આયોજન કરવામાં આવ્યું છે.

સ્વચ્છ ભારત દિવસ ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૫/૦૯/૨૦૨૩થી તારીખ ૧૫/૧૦/૨૦૨૩સુધી સ્વચ્છતા લક્ષી જુદાજુદા કાર્યક્રમો વોર્ડ વિસ્તાર, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, હેરીટેજ સ્થળો, સાર્વજનિક સ્થળો, પ્રવાસન સ્થળો, પ્રાણી સંગ્રહાલય, નદી કિનારાઓ, ઘાટ અને નાળા, સાર્વજનિક બગીચાઓ, મહાનુભાવોની પ્રતિમાઓ, મુખ્ય માર્ગો વગેરે જેવા જાહેર સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાનનું હેઠળ યોજવામાં આવી રહેલ છે.

જેમાં તા.૧૫ સપ્ટેમ્બરના ગાર્બેજ ફ્રી ઈન્ડિયા અંતર્ગત શહેરના શાળા-કોલેજો, સોસાયટીઓમાં રજીસ્ટ્રેશન ડ્રાઈવ તથા વોર્ડ ૬ ખલીલપુરરોડ તથા શાંતેશ્વર મંદિર રોડ તથા અર્બન હેલ્થ સેન્ટર પર સફાઈ અભિયાન યોજાયું હતું. તા.૧૬ના શહેરના હાજિયાણી બાગ લીગેસી વેસ્ટ વિસ્તાર તથા હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં સફાઈ અભિયાન તથા ગાર્બેજ નિકાલ કામગીરી કરવામાં આવી હતી. દરમ્યાન આજ તા.૧૭ના ડો.આંબેડકર ભવન હોલ, દુબળી પ્લોટ, કૈલાશ નગર ખાતે સફાઈ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ તથા પીએમજેવાય કેમ્પ તથા વાલ્મિકી સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં સફાઈ કામદારને સેફટી ઈકવીપમેન્ટનો ઉપયોગ કરવા માટે અવરનેસ કાર્યક્રમ તથા સરદારબાગ મ્યુઝિયમ ખાતે ફ્રી પ્લાન્ટેશન, પ્લાસ્ટિક અવરનેસ કાર્યક્રમ અને કાપડની થેલી વિતરણ કાર્યક્રમ અને આજુબાજુના વિસ્તારની સફાઈ તથા શહેરના જાહેર શૌચાલયની મરામત તથા સફાઈ, સકરબાગ ખાતે તથા દામોદરકુંડ, ભવનાથ મંદિર તથા ગિરનાર તળેટી વિસ્તારમાં સફાઈ અભિયાન સ્વચ્છતા જન જાગૃતિ રેલી યોજાઈ હતી. તા.૧૮ના વોર્ડ નંબર-૮માં ગાંધી ચોક થી રેલવે સ્ટેશન વિસ્તાર તથા ઉપરકોટ આજુબાજુમાંસફાઈ અભિયાન, તા.૧૯ના સેલ્ફ હેલ્પ ગ્રુપના સહયોગથી નાઈટ સેલ્ટર હોમ તથા મહાત્મા ગાંધી સર્કલ, તા.૨૦ના વોર્ડ નંબર-૯માં ફાયર સ્ટેશનઅને સોનરખ નદી કાંઠા વિસ્તારની સફાઈ, તા.૨૧નાસોનાપુર સ્મશાન ગૃહ તથા જોડતા મુખ્ય માર્ગમાંસફાઈ અભિયા, તા.૨૨ના વોર્ડ નંબર-૧૦માં એમ.જી.રોડ, માંગનાથ રોડમાં સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક ઓવનસ કાર્યક્રમ, તા.૨૩ના જવાહર રોડ, જયશ્રી રોડમાં સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક કાર્યક્રમ, તા.૨૫ના વોર્ડ નંબર-૧૧માં અક્ષર મંદિર રોડ તથા ઝાંસી રાણી સર્કલ અને તેની આજુબાજુમાં સફાઈ, તા.૨૬ના વોર્ડ નંબર-૧૧માં મ્યુઝીયમ અને જિલ્લા સેવાસદની આજુબાજુના મુખ્ય માર્ગ અને વિસ્તારોની સફાઈ, તા.૨૭ના વોર્ડ નંબર-૧૨માં ઈન્દિરા ગાંધી સર્કલ તથા મોતીબાગથી ટીંબાવાડી મુખ્ય માર્ગની સફાઈ, તા.૨૮ના વોર્ડ નંબર-૧૨માં ટીંબાવાડીથી બસ સ્ટેન્ડથી મધુરમગેઈટ સુધીના મુખ્ય માર્ગ તથા પ્રવેશદ્વારની સફાઈ, તા.૨૯ના વોર્ડ નંબર-૧૩ મધુરમગેઈટથી વિશ્વકર્મા નગર સુધીના મુખ્ય માર્ગની સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવેરનેસ કાર્યક્રમ, તા.૩૦ના વોર્ડ નંબર-૧૩માં મધુરમ ગેઈટથી ચોબારી ફાટક સુધીના મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવેરનેસ કાર્યક્રમ, તા.૨ ઓકટોબરના મહાત્મા ગાંધીજી તથા શહેરની તમામ પ્રતિમાઓની સફાઈ, વોર્ડ નંબર-૧૪માં રાજીવ ગાંધી પાર્ક તથા ભૂતનાથ મંદિર મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવરનેશ કાસ્યક્રમ, તા.૩ના વોર્ડનંબર-૧૪ ગાંધીગ્રામ પોસ્ટ ઓફિસ તથા ઈવનગર મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવેરનેસ કાર્યક્રમ,તા.૪ના વોર્ડ નંબર-૧૫માં વિલીંગ્લન ડેમ સાઈટ, સરકીટ હાઉસ તથા ઈન્દિરાગાંધી ચીલ્ડ્રન પાર્કની તથા મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક કાર્યક્રમ, તા.૫ના વોર્ડ નંબર-૧૫માં સરદાર પટેલ સર્કલ, કાળવા સર્કલ, સ્વામીવિવેકાનંદ સર્કલ, ડો.આંબેડકર સર્કલ, બિલખા રોડ, બિલખા રોડ પ્રવેશદ્વાર તથા મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવિનાશ કાર્યક્રમ, તા.૬ના વોર્ડ નંબર-૧માં ઈન્દ્રેશ્વર મેઈન રોડ તથા માર્કેટિંગ યાર્ડ અને મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક અવેરનેસ કાર્યક્રમ તા.૭ના વોર્ડ નંબર-૧માં દોલતપરા મુખ્ય પ્રવેશદ્વાર, સાબલપુર સર્કલ, ઈગલ મંદિર, દોલતપરા ગાર્ડન, ગ્રામદ્યોગ, સરકારી શાળા તથા મુખ્ય માર્ગનું સફાઈ અભિયાન તથા પ્લાસ્ટિક આવેને સહિતના કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં એનજીઓ, વેપારી એસોસિયન, સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, જુદા જુદા મંડળો, જે તે વોર્ડ વિસ્તારના પદાધિકારીઓ, સામાજિક કાર્યકરો અને મોટી સંખ્યામાં જનસમુદાયને જોડાવવા જૂનાગઢના મેયર શ્રીમતિ ગીતાબેનપરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# જૂનાગઢની સરકારી કચેરીઓના વિસ્તારમાં ઘોડિયા ઘર બનશે, મહિલા કર્મચારીઓના બાળકોની સંભાળ માટે સુવિધા ઉભી થશે

## કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન સમિતિની બેઠક મળી

જુનાગઢ, તા.૧૮

જૂનાગઢના બહુમાળી ભવન તેમજ સરદારબાગ આસપાસની સરકારી કચેરીઓના વિસ્તારમાં રાજય સરકારની યોજના અંતર્ગત ઘોડીયા ઘર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મહિલા અને બાળ વિકાસ અધિકારી ચંદ્રેશ ભાંભીએ જિલ્લા સંકલન સમિતિમાં આ માટેની જગ્યા અંગે તેમજ જરૂરી મંજૂરી દરખાસ્ત અંગે વિગતો આપી હતી અને કલેકટરશ્રી એ આ અંગે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. સરકારી કચેરીઓના વિસ્તારમાં ઘોડિયા ઘર બનતા મહિલા કર્મચારીઓના બાળકોની કચેરી વર્કિંગ સમય દરમિયાન સંભાળ રાખી શકાશે અને મહિલા કર્મચારીઓને અનુકૂળતા ઊભી થશે.જિલ્લા સંકલન સમિતિમાં વિવિધ કચેરીઓના સંકલન અંગેના પ્રશ્નોની સમીક્ષા પણ કરવામાં આવી હતી. માર્ગ મરામત ,પાણી વિતરણ વ્યવસ્થા ,વસુલાત તેમજ આગામી દિવસોના વિવિધ સ્વચ્છતા સહિતના લોકહિતના અભિયાનમાં લોકો જોડાઈ અને વ્યવસ્થિત આયોજન થાય તે માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ સહિતના અધિકારીઓ અને વિવિધ કચેરીના વડા ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના ખેડૂતો પાણીના ટાંકા બનાવવા અને સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય મેળવી શકશે

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ જિલ્લાના ખેડૂતો પાણીના ટાંકા બનાવવા માટે અને સ્માર્ટ ફોનની ખરીદી પર સહાય મેળવવાની યોજના અંગે આઈ ખેડૂત પોર્ટલ પર ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકશે.

આઈ ખેડૂત પોર્ટલ ઉપર પાણીના ટાંકા બનાવવા અને સ્માર્ટફોનની ખરીદી ઉપર સહાય યોજનાનો મહતમ લાભ મળી રહે તે આશયથી રાજ્ય સરકારે સને ૨૦૨૩-૨૪ માટેઆઈ ખેડૂત પોર્ટલ તા.૧૬/૯/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકેથી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લુ મુકવામાં આવનાર છે. વધુમાં આ વર્ષે અરજીઓ મેળવવા બાબતે જે તે તાલુકાનાં લક્ષ્યાંકની મર્યાદામાં વહેલા તે પહેલાના ધોરણે અરજીઓ ઓનલાઈન થાય તે મુજબ નક્કી થયેલ છે. જે ધ્યાને લઈ રાજયના ખેડુતોએ આ ઘટકોમાં લાભ મેળવવા માંગતા હોય તો સહાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરીઅરજીની નકલ પોતાની પાસે રાખવા જિલ્લા પંચાયત, ખેતીવાડી શાખા, જૂનાગઢની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લામાં ૨ ઓક્ટોબર સુધી આરોગ્ય મેળાનું આયોજન

જૂનાગઢ, તા.૧૮

મિશન "અંત્યોદય" સંકલ્પને અનુસરીને દરેક ગામમાં તમામ પ્રકારની આરોગ્ય વિષયક સેવાઓને સંતૃપ્ત કરવાના લક્ષ્યને હાંસલ કરવા તેમજ યુનિવર્સલ હેલ્થ કવરેજનું ભારતનું લક્ષ્ય ત્યારે જ શકય બને જ્યારે ભારત દેશનું દરેક ગામ સ્વસ્થ હશે.આ લક્ષ્યને હાંસલ કરવાનાં ભાગરૂપે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે "આયુષ્યમાન ભવઃ અભિયાન" ની યોજના બનાવી છે.

આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને તમામ આરોગ્ય યોજનાથી અવગત કરવા તેમજ તમામ યોજનાનાં ૧૦૦% લાભ પહોચાડવા માટે ગલકાલ તા.૧૭/૯/૨૦૨૩થી આયુષ્યમાન ભવઃ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આયુષ્યમાન ભવ ત્રણ મુખ્ય ઘટકો સાથેનુંએક છત્ર અભિયાન છે.

૧.આયુષ્યમાન આપકે દ્વાર ૩.૦: પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ લાયક તમામ લાભાર્થીનું આયુષ્યમાન કાર્ડનું વિતરણ તા.૧૭/૦૯/૨૦૨૩થી ઝુંબેશનાં સ્વરૂપે કાર્યવાહી કરવામાં આવશેઅને કોઈપણ લાભાર્થી કાર્ડથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા અને કોર્પોરેશનમાં અત્યાર સુધી ૬,૫૫,૧૮૮ વ્યક્તિના કાર્ડ કાઢવામાંઆવેલછે તેમજ છેલ્લા વર્ષમાં કુલ ૨૪૯૧૦ લાભાર્થીઓએ રૂ. ૫૩,૨૦,૩૩,૪૮૦નો લાભ લીધો છે. આયુષ્માન કાર્ડની લાયકાત ધરાવતા તમામને આ કાર્ડ કઢાવી લેવા અનુરોધ છે.

૨. આયુષ્યમાન મેળા : તમામ હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર ખાતે આરોગ્ય મેળા તા.૧૭/૦૯/૨૦૨૩ થી દર શનિવારે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા કરવામાં આવનાર છે. જિલ્લામાં કુલ ૧૯૯ હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર પર તેમજ કોર્પોરેશનમાં ૭ હેલ્થ એન્ડ વેલ્નેશ સેન્ટર પર આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવશે. તેમજ તમામ ૯ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે દર ગુરુવારે તબીબી કેમ્પ ઓબ્સટ્રેટીક અને સ્ત્રીરોગ, બાળરોગ, સર્જરી, ઈ એન્ડ ટી, આંખ, મનોરોગ વગેરે નિષ્ણાતો દ્વારા તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવશે.

૩. આયુષ્યમાન સભા : તા. ૦૨/૧૦/૨૦૨૩નાં રોજ ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામ્ય સ્તરની સભા (ગ્રામ સભા) અને શહેરી સ્થાનિક સંસ્થાની આગેવાની હેઠળ શહેરી વિસ્તારો માટે આયુષ્યમાન સભા યોજાશે.જેમાં વિવિધ આરોગ્ય સંભાળ વિષે જાગૃતિ તેમજ ગ્રામ્ય કક્ષાની મિટિંગ દ્વારા પ્રચાર-પસાર કરી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડની ઉપયોગીતા અને વિતરણ, આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ કાર્ડ બનાવવા બિન ચેપી રોગ, ક્ષય, ચેપીરોગ, રસીકરણ, ન્યુટ્રીશન, એનેમિયા વગેરે જેવા રોગોની સમુદાયમાં જાગૃતિ ફેલાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.આયુષ્યમાન ભવઝુંબેશ હેઠળ આ તમામ પ્રવૃતિઓ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી હેઠળ તા.૧૭/૦૯/૨૦૨૩થી સુચિત પખવાડિયા દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તમામ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અભિયાન, ઓર્ગન ડોનેશનપ્લેજ ડ્રાઈવ, રકતદાન શિબિર યોજાનાર છે.આયુષ્યમાન ગ્રામ/વોર્ડ : તમામ ઘટકોનાં સફળ અમલીકરણ જેવા કે ૧૦૦% પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ, ૧૦૦% આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ કાર્ડ, બ્લડ પ્રેશર, મધુપ્રમેહ ચકાસણી, ક્ષય દર્દીની ઓળખ અને સારવાર તેમાં વોર્ડ કે ગામને આયુષ્યમાન ગ્રામ પંચાયત/વોર્ડનો એવોર્ડ દરજ્જો એનાયત કરવામાં આવશે.

# જૂનાગઢ જીલ્લામાં તાલુકા ખાતે ૧૦ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સ્ટડી સેન્ટર શરૂ કરાયા

જૂનાગઢ, તા.૧૮

વિવિધ કારણોસર શાળા છોડી જતા બાળકોને ઉંમર, સમય કે સ્થળના બાધ સિવાય અધૂરું શિક્ષણ પૂર્ણ કરવા માટે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)ની રચના કરાઈ છે. રાજ્યના તમામ જિલ્લાઓ ખાતે જિલ્લા દીઠ એક નોડલ અધિકારી અને તાલુકા દીઠ ઓછામાં ઓછુંએક સ્ટડી સેન્ટર નિયત કરવામાં આવ્યું છે.

શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ થવા ઈચ્છતા ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે GSOSમાં રજીસ્ટ્રેશન શરૂ થશે. સરકારી અને ગ્રાન્ટેડ શાળાના આચાર્યના લોગીન પરથી રજીસ્ટ્રેશન થઈ શકશે. ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS)નાં જૂનાગઢ જિલ્લાના નોડલ અધિકારી તરીકે શ્રી એલ.વી.કરમટાની નિમણુંક કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૩-૨૪થી વિદ્યાર્થીઓ માધ્યમિક વિભાગમાં ધો.૯ અને ૧૦ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહમાં ધો.૧૧ અને ૧૨ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે હાલ નોંધાયેલ નહોય અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક(સામાન્ય પ્રવાહ)માં અભ્યાસ કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ શકશે.

ધો.૯ માટે જે તે શૈક્ષણિક વર્ષની તા.૧ જુનનાં રોજ ૧૩(તેર) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી, ધો.૧૦ માટે જે તે શૈક્ષણિક વર્ષની તા.૧ જુનનાં રોજ ૧૪(ચૌદ) વર્ષ પૂર્ણ કરેલ વિદ્યાર્થી, ધો.૧૧(સામાન્ય પ્રવાહ) માટે ધો.૧૦ પાસ કરેલ વિદ્યાર્થી, ધો.૧૨(સામાન્ય પ્રવાહ) માટે ધો.૧૦ પાસ કરેલ હોય તે પરીક્ષા વર્ષથી ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા સુધી ૨(બે) વર્ષ જેટલો સમયગાળો થતો હોય તેવા વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થઈ શકશે. જેમાં રજિસ્ટ્રેશન માટે ર્જીજીમાં રજીસ્ટ્રેશન માટે કોઈ ફી લેવામાં આવશે નહી અને અભ્યાસ માટે તમામ સેવા નિઃશુલ્ક રહેશે. ધો.૯ થી ૧૨માં નોંધણી કરાવવા માટે વિદ્યાર્થીએ પોતાના રહેઠાણની નજીક આવેલ કોઈપણ સરકારી કે અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરી શકશે અને આવા કોઈપણ વિદ્યાર્થીને નજીકના બ્લોક રિસોર્સ સેન્ટરથી રજીસ્ટ્રેશન કરાવવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.જે તે પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી અભ્યાસ પૂર્ણ કરી અથવા અધવચ્ચે શાળા છોડીને નીકળેલા વિદ્યાર્થીઓને GSOSનાં લાભ મળે તે માટે આવા વિદ્યાર્થીઓને સામે ચાલીને શોધીને તેમને અને તેઓના વાલીઓને આ બાબતે માહિતગાર કરી નોંધણી કરાવવા માટે વિશેષ પ્રયાસ જે તે શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકો કરશે. આ પ્રકારે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ કે જેઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી શકે તે માટે ગુજરાત સરકારશ્રીની વિના મુલ્યે અભ્યાસ પૂર્ણ કરવાની આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ-વાલીઓ યાદી મુજબના તાલુકા સ્ટડી સેન્ટર અથવા નજીકની સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાના બી.આર.સી. ભવનનો સંપર્કકરી શકશે.

જૂનાગઢ જિલ્લામાં તાલુકા ખાતે પસંદ કરવામાં આવેલ સ્ટડી સેન્ટરમાં સરકારીહાઈસ્કુલ- પસવાળા, સરકારીહા.સે. સ્કુલ- ચોરવાડ, ગવર્નમેન્ટગર્લ્સહા. સ્કૂલ-જૂનાગઢ, સરકારીએલ.કે. હાઈસ્કુલ-કેશોદ, સરકારી હાઈસ્કુલ-માળિયા હાટીના, સરકારી હાઈસ્કુલ- માણાવદર, કે.કા.શાસ્ત્રી વિદ્યાલય-માંગરોળ, સરકારી સિંધી હાઈસ્કુલ-મેંદરડા, વિવેકાનંદ હાઈસ્કુલ-વંથલી, સરકારી હાઈસ્કુલ-વિસાવદર સહિતની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓનો સમાવેશ થાય છે. તેમ જિલ્લા શિક્ષણાધિકારીની યાદીમાં જણાવાયું છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે પોકસો એકટની જાગૃતિ માટે કાનૂની શિબિર યોજાઈ

જૂનાગઢ, તા.૧૭



જૂનાગઢ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના ઉપક્રમે માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૧૪-૯-૨૦૨૩ને ગુરૂવારના રોજ એક વિશેષ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં જૂનાગઢ જિલ્લા કોર્ટના ન્યાયમુર્તિ એચ.આર. પરમાર, નાયબ પોલીસ અધિક્ષક અનિલ પટણી, છ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર જે.આર. વાજા અને એડ્વોકેટ મમતાબેન લોઢીયાએ પોકસો એકટના અધિનિયમની જોગવાઈઓ વિષે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. પોકસો એકટની આ શિબિરને સફળ બનાવવા માટે શાળાના એન.એન.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર બી.એ. મકવાણા અને આર.એ. સાંધ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ શિબિરના સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલિનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી. રાણપરિયા, શિક્ષણ નિયામક એચ.પી. પોલરા, વહીવટી અધિકારી કે.પી. ગજેરા, પ્રિન્સિપાલ સુશ્રી જયશ્રીબેન રંગોલિયા સહિત સમગ્ર સંસ્થા પરિવારે ખાસ અભિનંદન પાઠવ્યા હતાં.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનું એલ્યુમીની એસોસીએશનનું મિલન યોજાયું

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના જુના સ્મરણો યાદ કર્યા





જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓનું એલ્યુમીની એસોસીએશન કાર્યક્રમનું આયોજન કુલપતિ, ડો.વી.પી.ચોવટીયાના અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવેલ. જેમાં ભૂતપૂર્વ કેમ્પસ ડાયરેકટર, જૂનાગઢ, ડો. કે.વી. પેથાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય અને ડીન, કૃષિ મહાવિદ્યાલય, ડો.એસ. જી. સાવલીયાએ પધારેલ મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો, વેપારીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ તેમજ ઉચ્ચ હોદા ધરાવતા અધિકારીઓ વગેરેનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આચાર્ય અને ડીનશ્રી, બાગાયત મહાવિદ્યાલય ,ડૉ. ડી. કે. વરૂ એ કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢની સ્થાપના થઈ ત્યારથી લઈને અત્યાર સુધીના ઈતિહાસ વિશે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ ડાયરેકટર SAMETI & રીટાયર્ડ IAS, દિનેશ પટેલે પોતાના પ્રવચનમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીને વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી બનાવવી જોઈએ તેમજ વહીવટી ક્ષેત્રમાં પોતાની કારકિર્દી શા માટે બનાવવી જોઈએ તેના વિષે કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને અનુરોધ હતો. ચેરમેન, GASC, જેરામભાઈ ટીંબડીયાએ એલ્યુમિની મીટનો મુખ્ય ઉદેશ વિષે તેમજ કૃષિ ક્ષેત્રમાં એકબીજાને કેવી રીતે મદદરૂપ થાય તેની માહિતી આપી હતી. મેનેજીંગ ડાયરેકટર, ઋતુ કોપ કેર પ્રા.લીમીટેડ, નરેન્દ્રભાઈ માથોલીયાએ કૃષિ ક્ષેત્રમાં આવેલ ક્રાંતિ વિષે માહિતગાર કર્યા હતા. એકઝીક્યુટીવ ડાયરેકટર, Incotech Pvt. Ltd., Ahmedabad, ડો.મનીષ વઘાસીયાએ એલ્યુમિની મીટને હજી પણ આગળ વધારવા માટે કોઈ પણ મદદ કરવા માટેની તૈયારી બતાવી હતી તેમજ જ્યારે પણ જરૂર પડે ત્યારે અમે તમારી સાથે છીએ તેમ જણાવ્યું હતું, આ ઉપરાંત પોતાના સમયગાળા દરમ્યાનના જુના કોલેજના સંસ્મરણોને વાગોળ્યા હતા.

ભૂતપૂર્વ કેમ્પસ ડાયરેકટર, ડો.કે.વી. પેથાણી એ ખેતપેદાશોનું ઉત્પાદન કેવી રીતે વધારવું અને ખેડૂત કઈ રીતે સમૃદ્ધ બને તે બાબતે અનુરોધ કર્યો હતો. કુલપતિશ્રી ડૉ.વી.પી.ચોવટીયાએ IDP પ્રોજેકટ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં ૧૦૫ વિદ્યાર્થીઓ અને ૮ પ્રાધ્યાપકોને આંતરરાષ્ટ્રીય તાલીમ માટે વિવિધ દેશોમાં મોકલવામાં આવેલ અને આ એલ્યુમિની મીટના સફળ આયોજન કરવા માટે જહેમત ઉઠાવનારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને બિરદાવ્યા હતા. અંતમાં ડૉ.વાય.એચ. ઘેલાણી, મદદનીશ કુલસચિવએ પધારેલ મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો, વેપારીઓ, આઈ.એ.એસ. અધિકારીઓ તેમજ ઉચ્ચ હોદા ધરાવતા અધિકારીઓ વગેરેનો આ તકે ઉપસ્થિત રહેવા બદલ આભાર માન્યો હતો. આ એલ્યુમિની મીટમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહિત ૧૦૦૦ વધુ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રા



★ તેર વર્ષ જેટલો મુખ્યમંત્રી તરીકેનો કાર્યકાળ રહ્યો અને ગુજરાતમાં સૌથી લાંબો સમય મુખ્યમંત્રી તરીકે રહ્યાં

★ ગુજરાતને દેશના ગ્રોથ એન્જિન અનેમોડેલ રાજ્ય તરીકે દેશમાં પ્રસ્થાપિત કર્યું

★ રાજયમાં ઉદ્યોગોની સાથે સાથે, સામાજિક ક્ષેત્રમાં પણ આમૂલચૂલ પરિવર્તન આવ્યું છે.

★ ગુજરાતમાં મજબૂર કાયદો વ્યવસ્થા પ્રસ્થાપિત કરીને રાજ્યને દેશના સૌથી સુરક્ષિત રાજયોમાં સ્થાન અપાવ્યું.

★ રાજ્યમાં લોક ફરિયાદ નિરાવરણ માટે ટેકનોલોજી આધારિત ‘‘સ્વાગત’’ કાર્યક્રમની શરૂઆત કરી દેશમાં નવી પ્રણાલી શરૂ કરી

★ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ બનાવીને દેશમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટની આધારશીલા મૂકી

**શિક્ષણ**

★ રાજ્યની શાળઓમાં ડ્રોપઆઉટ દર ઘટે અને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે તે માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ શરૂ કર્યો છે. રાજ્યનો ડ્રોપઆઉટ રેટ ૩૭ટકાથી ઘટી ૨ ટકાજેટલો ઓછો થયો છે.

★ રાજ્યમાં ૧૪ થી વધીને ૧૦૮ જેટલી સ્પેશિયલાઈઝ્ડ યુનિવર્સીટીઓ શરૂ થઈ છે.

★ કોલેજોની સંખ્યા જે બે દાયકા પહેલા ૯૮૫ હતી તે આજે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૮૪૮ થઈ છે.

★ રાજ્યમાં એન્જિનિયરિંગ, પોલિટેક્નિક અનેઅન્ય પ્રોફેશનલ કોલેજોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે.

નર્મદા અને જળસંચય

★ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધનું કામ પૂર ઝડપે શરૂ કરાવ્યું. જરૂર પડી ત્યારે ઉપવાસ આંદોલન કર્યા.

★ નરેન્દ્રભાઈએ ગુજરાતમાં જળસંચય અને જળસિંચનને જન આંદોલન બનાવ્યું. ગામે ગામે ચેકડેમ અને બોરીબંધ બન્યા અને સિંચાઈની સુવિધા વધી

★ ૬૯,૦૦૦ કિલોમીટર લાંબા કેનાલ નેટવર્કનું નિર્માણ થયું.

★ નરેન્દ્રભાઈના શાસનકાળમાં ગુજરાત દેશનું પહેલું રાજ્ય બન્યું જ્યાં ગેસગ્રીડ, વોટરગ્રીડ અને ઈલેક્ટ્રીક ગ્રીડ છે.

★ ઉત્તર ગુજરાત માટે ખાસ સુજલામ સુફલામ, સૌરાષ્ટ્ર માટે ખાસ સૌની યોજના અને કચ્છ બ્રાંચ કેનાલ દ્વારા રાજ્યના ગામે ગામ પાણી પહોંચાડ્યું

**વિજળી**

★ તેમણે શરૂ કરેલી જ્યોતિગ્રામ યોજના ગુજરાત માટે ગેમ ચેન્જર બની અને ગુજરાત વિજળી સરપ્લસ રાજ્ય બન્યું.

★ ગુજરાત આજે દેશમાં રીન્યુએબલ ઉર્જા ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર છે, તેના પાયામાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ સોલાર અને વિન્ડ પાર્ક છે. ગુજરાતનાચારણકામાં દેશનો સૌથી પહેલો સોલાર પાર્ક બન્યો હતો.

★ આજે સોલાર રૂફટોપ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે.

★ તેમના પ્રયાસોને કારણે બે દાયકા પહેલા ગુજરાતમાં રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન ૯૯ મેગાવોટ હતું, જે આજે વર્ષ ૨૦૨૩માં ૨૧, ૫૦૪ મેગાવોટ સુધી પહોંચ્યું છે, જ્યારે ૨૦વર્ષ પહેલાપરંપરાગત વીજ ઉત્પાદન જે ૮૭૫૦ મેગાવોટ હતું તે આજે વર્ષ ૨૦૨૩ માં ૪૫,૦૨૬ મેગાવોટ સુધી પહોંચ્યું છે.

આરોગ્ય

★ રાજ્યના નાગરિકોને આરોગ્યસુરક્ષા પુરી પાડતી મા અને મા-વાત્સલ્ય યોજના રાજ્યમાં શરૂ કરવામાં આવી.

★ સમય જતા આ યોજના PMJAY-MA યોજનાબની અને આજે ૧૦ લાખ સુધીની આરોગ્ય સહાય લોકોને મળી રહી છે.

★ ૧૦૮ એમ્બ્યુલન્સ આજે જીવનદાયીની બની છે

★ વર્ષે ૧ કરોડથી વધુ બાળકોની શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ આરોગ્ય તપાસણી થાય છે.

★ આજે દરેક તાલુકામાં ડાયાલિસીસ સેન્ટર અને દરેક જિલ્લામાં કીમો થેરેપી સેન્ટર કાર્યરત છે.

**કૃષિ વિકાસ**

★ શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરેલા કૃષિ મહોત્સવ અને પશુઆરોગ્ય મેળાઓ રાજ્યના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બન્યા.

★ સોઈલ હેલ્થકાર્ડ, લેબ ટુ લેન્ડ, પશુઆરોગ્ય મેળા જેવા કૃષિહિતકારી આયામો તેમની જ ભેટ છે.

★ છેલ્લા ૨૦ વર્ષોમાં રાજયમાં ૭૬,૯૦૦ પશુમેળાઓ આયોજિત કરવામાં આવ્યા છે, જે અંતર્ગત કુલ ૩.૧૦ કરોડથી વધુ પશુઓને નિઃશુલ્ક સારવાર મળી છે અને કુલ ૩.૭૪ કરોડથી વધુ પશુઓનું રસીકરણ થયું છે.

★ છેલ્લા ૨૦વર્ષોમાં દૂધ ઉત્પાદન ૬૦.૮૯ લાખ મેટ્રિક ટનથી વધીને આજે ૧૬૭.૨૨ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું છે.

★ ઝીરો ટકા વ્યાજે લોનસહાય, ટેકાના ભાવે વિક્રમજનક ખરીદી, આફતના સમયે ઉદાર પેકેજ આપીને તેમણે ખેડૂતોની પડખે સતત ઊભા રહી ખેડૂત હિતકારી સરકારની અનુભૂતિ કરાવી છે.

★ રાજયમાં બે દાયકા પહેલા ધાન્ય પાકનું ઉત્પાદન ૨૩.૪૮ લાખ મેટ્રિક ટન હતું, જે આજે વર્ષ ૨૦૨૩માં વધીને ૮૭.૨૧ લાખ મેટ્રિક ટન પહોંચ્યું છે.

★ બાગાયતી પાકનું ઉત્પાદન ૬૨.૦૧ લાખ મેટ્રિક ટન હતું, જે આજે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૬૪.૪૪ લાખ મેટ્રિક ટન પહોંચ્યું છે.

**વંચિતોનો વિકાસ**

★ તેમણે આદિવાસી સમૂદાય માટે ૧.૫ લાખ કરોડ રૂપિયાની વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરી.

★ આ યોજનાના સફળ અમલીકરણને કારણે અંબાજીથી ઉમરગામના આદિવાસી વિસ્તારના વનબાંધવોનું જીવન બદલાયું.

★ આવાસ, શિક્ષણ, આરોગ્ય, પાણી, સડકવિજળી જેવી પાયાની જરૂરિયાતોથી વંચિત વન બાંધવોને આ તમામ સુવિધાઓ આજે મળી રહી છે.

★ આજે ગુજરાતમાં આદિવાસીઓને જંગલ-જમીનના હકો મળ્યા છે, આદિવાસી યુવાનોને તાલીમ અને રોજગાર મળી રહ્યો છે.

★ આદિવાસી બાળકોને દૂધસંજીવની યોજનાથી પોષણ મળી રહ્યું છે.

★ આદિવાસી વિસ્તારોની શાળાઓમાં સ્માર્ટ બોર્ડથી શિક્ષણની સુવિધા મળી રહી છે તેમજ શાળા-કોલેજો અને છાત્રાલયોની સંખ્યામાં વધારો થયો છે.

★ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી જરૂરીયાત મંદો સુધી સીધો લાભ પહોંચતો થયો.

મહિલા સશક્તિકરણ

★ નરેન્દ્રભાઈનો મુખ્યમંત્રીકાળ ગુજરાતની મહિલાઓ માટેનો સુવર્ણ કાળ બન્યો.

★ તેમણે મહિલાઓના સ્વાસ્થ્ય, શિક્ષણ અને સુરક્ષા એમ ત્રિવિધ ક્ષેત્રો મહિલા સશક્તિકરણનો અભિગમ અપનાવ્યો

★ આજે રાજ્યમાં દર વર્ષે ૩૩ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકો તેમજ કિશોરીઓને ટેક હોમ રાશન દ્વારા પૂરક પોષણ મળે છે

★ રાજ્યની કિશોરીઓને પૂર્ણા યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે

★ હોસ્પિટલોમાં સગર્ભા મહિલાઓની પ્રસૂતિની ટકાવારી ૯૯.૫% પર પહોંચી છે. ગુજરાતમાં માતા તેમજ બાળમૃત્યુ દરમાં ધરખમ ઘટાડો થયો છે.

★ સગર્ભા અને ધાત્રી માતાઓને તેમના ઘરે પોષણ યુક્ત આહાર પહોંચાડવાની શરૂઆત થઈ

યુવાધનને અવસરો

★ તેમણે યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટની શરૂઆત કરી અને આઈ.ટી.આઈ.ને ઉદ્યોગો સાથે જોડી નીડ બેઝ માનવબળ તૈયાર થવાનું શરૂ થયું.

★ રાજ્યના યુવાનો માટે રાજ્યમાં અદ્યતન યુનિવર્સીટીઓ શરૂ કરી.

★ ખેલ મહાકુંભના પરિણામે આજે ગુજરાતના યુવાનો ઓલમ્પીક સુધી પહોંચ્યા છે.

★ મેડીકલની સિટો ૧૩૭૫થી વધીને ૬૮૦૦ જેટલી થઈ છે.

★ રાજ્યમાં મેડીકલ કોલેજો ૧૮ થી વધીને ૩૯ થઈ છે.

★ નવી ૫૦૩ જેટલી પ્રોફેશનલ કોલેજો શરૂ થઈ છે.

**પ્રવાસન અને ઉદ્યોગોનો વિકાસ**

★ રાજ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ, માધવપુર બીચ, સાસણ સિંહ સફારી જેવા આયામો શરૂ કરીને ગુજરાતને પ્રવાસનક્ષેત્રમાં અગ્રણી રાજ્ય બનાવ્યું.

★ વાયબ્રંટ ગુજરાત સમિટ દ્વારા ગુજરાતના ઉદ્યોગોને વિશ્વ સાથે જોડ્યું છે.

★ આજે ગુજરાત ડાયમંડ પ્રોસેસીંગ, ઓટો મોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ, જેમ્સ અને જવેલરી, ફર્માસ્યુટીકલ, કેમિકલ અને પેટ્રોકેમિકલ, સિરામિક, ડેરી અને ડેરી ઉત્પાદનો જેવા ક્ષેત્રમાં દેશમાં અગ્રેસર બન્યું છે.

★ રાજ્યમાં સ્જીસ્ઈ ૨.૭૪ થી વધીને ૧૧ લાખ પહોંચી છે.

★ દેશના જી.ડી.પી. માં ગુજરાતનું યોગદાન ૮ ટકા જેટલું છે.

શહેરો અને ગામડાઓનો વિકાસ

★ મુખ્યમંત્રી શહેરી વિકાસયોજન દ્વારા રાજ્યમાં શહેરીકરણ અને શહેરીવિકાસને વેગ મળ્યો

★ રાજ્યમાં સફળતા પૂર્વક બી.આર.ટી.એસ. નું અમલીકરણ કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય બન્યું.

★ રાજ્યના તમામ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડ્યાં .

★ રૂર્બન પ્રોજેક્ટ દ્વારા ગામડામાં શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે.

★ ઈ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા ગામડામાં રેકોર્ડનું કોમ્પ્યુટરરાઝેશન કર્યુ

★ વડાપ્રધાન તરીકે ગુજરાતને આપેલી મહત્વની ભેટો

★ વડાપ્રધાન બન્યાંના બે જ અઠવાડિયામાં નર્મદા ડેમને પૂર્ણ ઉંચાઈ સુધી લઈ જવાની મંજૂરી આપી.

★ દેશની પહેલી બુલેટ ટ્રેન ગુજરાતને મળી છે. જેનું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે.

★ સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશન હેઠળ ગુજરાતના વડોદરામાં રેલવે યુનિવર્સિટીની સ્થાપના

★ રાજકોટ ખાતે પહેલું ગ્રીન ફિલ્ડ એરપોર્ટ કાર્યરત

★ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU) અને રક્ષાશક્તિ યુનિવર્સિટી (RSU) ને રાષ્ટ્રીય દરજ્જો

★ રાજ્યની પહેલી એમ્સ રાજકોટ ખાતે કાર્યરત

★ કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાયબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની ભેટ

★ લાઈટ હાઉસ પ્રોજેક્ટ અન્વયે રાજકોટમાં ૧૧૪૪ આવાસો બનાવવામાં આવ્યા છે

★ સ્ટેચ્યુ ઑફ યુનિટી (SoU) સુધી રેલવે કનેક્ટિવિટી

★ જામનગર ખાતે વિશ્વ આરોગ્ય સંસ્થાનું ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન

★ ગુજરાતને મળી બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન

★ GIFT સીટીમાં ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA)ના હેડક્વાર્ટરનો શિલાન્યાસ

★ GIFT સિટી ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)

★ અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો પ્રારંભ

★ તારંગા હિલ-અંબાજી આબુ રોડ રેલવે લાઈન પ્રોજેક્ટને મંજૂરી

★ રાજ્યના પાંચ જિલ્લાઓને મેડિકલ કોલેજની ભેટ

★ દાહોદમાં ઈલેક્ટ્રિક લોકોમોટિવ મશીન ઉત્પાદન એકમનો શિલાન્યાસ

★ ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્કની ભેટ

★ ભારત સરકારની ‘ભારતમાલા પરિયોજના’ હેઠળ ગુજરાતમાં ૧૦૦૦ કિમીથી વધુના રોડ-રસ્તાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

★ ગુજરાતમાં પહેલી વાર યોજાયી નેશનલ ગેમ્સ

★ ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ ગુજરાતમાં ૧૭ બેઠકોનું

**આયોજન**

★ સ્માર્ટ સિટી મિશન હેઠળ અંતર્ગત ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદ એમ કુલ ૬ શહેરોની પસંદગી

★ નવસારીના વાંસી-બોરસીમાં અદ્યતન સુવિધા સાથે ટેક્સટાઈલ પાર્કનું નિર્માણ કરવાનું આયોજન

★ ભુજ ખાતે સ્મૃતિવન સ્મારકનું નિર્માણ અને અંજાર ખારે વીર બાળ સ્મારકનું નિર્માણ

★ ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ

★ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અટલ ફૂટઓવર બ્રિજનું નિર્માણ

★ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને દર્શાવવા માટે રૂ.૩૫૦૦ કરોડના ખર્ચે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) બનાવવામાં આવી રહ્યું છે,

★ અંબાજી-પાવાગઢ-સોમનાથમાં પ્રવાસન વિકાસકાર્યો


★ એશિયાનો સૌથી મોટો ગિરનાર રોપ-વે, જૂનાગઢ

★ એસ્ટોલ પ્રોજેક્ટ દ્વારા વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના અંતરિયાળ આદિવાસી વિસ્તારોના ૧૭૪ ગામડાઓ અને ૧૦૨૮ ફળિયાઓમાં રહેનારા ૪.૫૦ લાખ લોકોને પાણી પહોંચાડ્યું.

★ વિદ્યા સમીક્ષા કેન્દ્રનું આધુનિક સ્વરૂપ દેશના અન્ય રાજ્યો માટે મોડલરૂપ સાબિત થયું છે.

★ અમદાવાદ ખાતે ઈસરોના ઈન-સ્પેસ સેન્ટરની શરૂઆત.

# G20 સમિટ પછી ટ્રુડો દિલ્હીમાં રોકાયા હતા ત્યારે ભારત-કેનેડા સંબંધો અત્યાર સુધીના સૌથી ખરાબ સ્તરે છે




નવી દિલ્હી તા.૧૮

દેશમાં ગ્રૂપ ઓફ ૨૦ સમિટના સમાપન પછી કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો બે દિવસ માટે દિલ્હીમાં રોકાયા હતા કારણ કે તેમના એરક્રાફ્ટમાં ખામી સર્જાઈ હતી. રવિવારે, ટ્રુડો અને તેમના ભારતીય સમકક્ષ નરેન્દ્ર મોદીએ કથિત રીતે મીટિંગ કરી હતી જેમાં બંને પક્ષોએ ગંભીર દ્વિપક્ષીય ચિંતાઓ ઉઠાવી હતી. નિરીક્ષકોનું કહેવું છે કે બંને દેશોના કડક નિવેદનો દર્શાવે છે કે ભારત-કેનેડા સંબંધો અત્યારે વધુ ખરાબ થઈ રહ્યા છે. કેનેડામાં અનેક ભારતીયો છે અને બંને દેશોના સંબંધોમાં તાજેતરના વર્ષોમાં ખટાશ આવી છે કારણ કે ભારત દાવો કરે છે કે કેનેડા ખાલિસ્તાની સમર્થકો પ્રત્યે નરમ વલણ અપનાવે છે. બીજી તરફ કેનેડાએ ભારત પર સ્થાનિક રાજકારણમાં હસ્તક્ષેપ કરવાનો આરોપ લગાવ્યો છે.

**મોદી અને ટ્રુડોની ટિપ્પણીઓ**

ભારતના વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલ એક પ્રેસ રિલીઝમાં મોદીએ કહ્યું હતું કે કેનેડામાં ‘‘ઉગ્રવાદી તત્વોની ભારત વિરોધી પ્રવૃત્તિઓ’’ ચાલુ રાખવા અંગે ટ્રુડોને નવી દિલ્હીની ચિંતાઓ જણાવી હતી. તેઓ અલગતાવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે અને ભારતીય રાજદ્વારીઓ સામે હિંસા ભડકાવી રહ્યા છે, રાજદ્વારી પરિસરને નુકસાન પહોંચાડી રહ્યા છે અને કેનેડામાં ભારતીય સમુદાય અને તેમના ધર્મસ્થાનોને ધમકી આપી રહ્યા છે. સંગઠિત અપરાધ, ડ્રગ સિન્ડિકેટ અને માનવ તસ્કરી સાથેના આવા દળોની સાંઠગાંઠ કેનેડા માટે પણ ચિંતાનો વિષય હોવો જોઈએ. બંને દેશો માટે આવા જોખમોનો સામનો કરવા માટે સહયોગ કરવો જરૂરી છે. ભારતીય પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે પરસ્પર આદર અને વિશ્વાસ એ ભારતકેનેડા સંબંધોની પ્રગતિ માટે જરૂરી છે. બીજી બાજુ, આ મીટિંગ વિશે ટ્રુડોના કાર્યાલય દ્વારા એક પ્રેસ નોટમાં કહેવામાં આવ્યું છે કે કેનેડાના વડાપ્રધાને કાયદાના શાસન, લોકશાહી સિદ્ધાંતો અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું સન્માન કરવાને મહત્વ આપે છે. ટ્રુડોએ કહ્યું હતું કે, કેનેડા હંમેશા અભિવ્યક્તિની સ્વતંત્રતા, અંતરાત્માની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ વિરોધની સ્વતંત્રતાનો બચાવ કરશેઅને તે અમારા માટેઅત્યંત મહત્વપૂર્ણ છે. તે જ સમયે અમે હિંસા રોકવા અને નફરતની વિરુધ્ધ છીએ. એ યાદ રાખવું અગત્યનું છે કે અમુક લોકોની ક્રિયાઓ સમગ્ર સમુદાય અથવા કેનેડાનુંપ્રતિનિધિત્વ કરતી નથી. ઈન્ટરનેશનલ પીસના સાઉથ એશિયા પ્રોગ્રામ માટે કાર્નેગી એન્ડોવમેન્ટના ડિરેક્ટર મિલન વૈષ્ણવે કહ્યું કે, મને લાગે છે કે કેનેડા-ભારત દ્વિપક્ષીય સંબંધો અત્યારે શ્રેષ્ઠ નથી. યેલ યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સના લેક્ચરર સુશાંત સિંહે કહ્યું કે, આ નિવેદનો આ બે સરકારો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોનું સૂચક છે. પરંતુ, તાજેતરના વર્ષોમાં ભારત-કેનેડા સંબંધોશા માટેતંગબન્યા છેઅને મોદી અને ટ્રુડોની આકરી ટિપ્પણીઓ શું હતી ? સિંહે કહ્યું કે ૨૦૧૫માં ટ્રુડો કેનેડાના વડાપ્રધાન બન્યા પછી ભારત-કેનેડા સંબંધો નીચા સ્તરે છે જ્યારે મોદી સરકાર પહેલાથી જ સત્તામાં હતી. ભારત સરકાર માને છે કે કેનેડાની સરકાર કેનેડામાં ખાલિસ્તાની સમર્થકો પ્રત્યે નરમ છે અને તે ભારતીય હિતોની વિરુધ્ધ કામ કરે છે. ભારતીય મુત્સદ્દીગીરી સતત કેનેડામાં હિંદુ મંદિરોને ખાલિસ્તાની જૂથો દ્વારા કથિત રીતે તોડફોડ કરવાનો મુદ્દો ઉઠાવી રહી છે. ભારતના વિદેશ મંત્રી સુબ્રહ્મણ્યમ જયશંકરે જણાવ્યું હતું કે, અમારા માટે, કેનેડાએ ખાલિસ્તાની મુદ્દા સાથે કેવી રીતે વ્યવહાર કર્યો છે તે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. કેનેડામાં સૌથી વધુ ભારતીય સમુદાયો છે, જેમાંથી શીખો નોંધપાત્ર પ્રમાણમાં છે. વધુમાં, ટ્રુડોની લિબરલ પાર્ટીની સંસદમાં બહુમતી ઓછી છે, તે કેનેડિયન શીખ રાજકારણી જગમીતસિંહની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના સમર્થન ઉપર નિર્ભર છે. સિંહે એકવાર ખાલિસ્તાની અલગતાવાદી રેલીમાં ભાગ લીધો હતો. જૂનમાં, ભારતે રાજદ્વારી વિરોધ દર્શાવ્યો હતો જ્યારે કેનેડાના બ્રામ્પટનમાં એક પરેડમાં એક ઝાંખી દર્શાવવામાં આવી હતી જેમાં ભૂતપૂર્વ ભારતીય વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને લોહીથી રંગાયેલી સાડીમાં દર્શાવતી પ્રતિમા હતી જેમાં પાઘડી પહેરેલા પુરુષો તેમની તરફ બંદૂકો ચલાવતા હતા અને એક પ્લેકાર્ડ લખેલું હતું કેઃ ‘‘શ્રી દરબાર સાહેબ ઉપરના હુમલાનો બદલો.’’ આ પ્લેકાર્ડમાં શીખ અલગતાવાદી નેતા જરનૈલ ભીંડરાનવાલે સંકુલમાં આશ્રય લીધા પછી ભારતીય સેનાને સુવર્ણ મંદિરમાં જવાનો આદેશ આપવાના ૧૯૮૪માં ગાંધીના નિર્ણયનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. થોડા મહિનાઓ પછી, તેમના બે શીખ અંગરક્ષકો દ્વારા ગાંધીની હત્યા કરવામાં આવી હતી. કેનેડિયન સત્તા વાળાઓએ જણાવ્યું હતું કે આ ઝાંખી એ નફરતનો ગુનો નથી. બીજી બાજુ, ટ્રુડોની ટિપ્પણીઓ ભારત સાથે કેનેડાની ફરિયાદોને પ્રતિબિંબિત કરે છે. કેનેડાની સરકારે એવો આક્ષેપ કર્યો છે કે ભારત કેનેડાના સ્થાનિક રાજકારણમાં દખલ કરી રહ્યું છે. જૂનમાં, ટ્રુડોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોડી થોમસે આરોપ મૂક્યો હતો કે કેનેડાની સ્થાનિક રાજનીતિ અને ચૂંટણીઓને પ્રભાવિત કરવામાં ભારતના પ્રોક્સીઓ સામેલ છે. આ કેનેડિયન ફેડરલ એજન્સીઓએ આડકતરી રીતે ભારતને કેનેડામાં કથિત રીતે પોતાના પ્રભાવ અંગે ચેતવણી આપી હતી. એવા ત્રણ અગ્રણી ખાલિસ્તાની નેતાઓ, જેઓ વિવિધ ગુનાહિત કેસોમાં ભારતના મોસ્ટ વોન્ટેડ વ્યક્તિઓમાં હતા, તેઓ અમુક અઠવાડિયાના ગાળામાં ત્રણ દેશોમાં મૃત્યુ પામ્યા. જેમાંથી ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા હરદીપસિંહ નિજજરની કેનેડામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ભારતે ખાલિસ્તાન ટાઈગર ફોર્સને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે. આ ઘટનાને કારણે સોશિયલ મીડિયા ઉપર એવી અટકળો શરૂ થઈ હતી કે કેનેડાની ધરતી સહિત વિદેશમાં આ મૃત્યુ સાથે ભારતીય ગુપ્તચર એજન્સીઓ સંકળાયેલી છે. ત્યારબાદ, ખાલિસ્તાન તરફી લોકોએ ટોરોન્ટોમાં શહીદ નિજજરના હત્યારાઓ અંગે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓને નિશાન બનાવતા પોસ્ટરો પણ ઓનલાઈન પ્રસારિત કર્યા હતા. જો કે, આ મડાગાંઠનો અંત આવી શકે છે. ખાલિસ્તાન પર એક પુસ્તક લખનાર કેનેડિયન પત્રકાર ટેરી મિલેવસ્કીએ મોજો સ્ટોરીને જણાવ્યું હતું કે ટ્રુડોના પદ છોડ્યા પછી ભારત સાથેના સંબંધોને બચાવવાની તક છે. ભારતીય રાજકારણીઓએ કદાચ ટ્રુડો માટે રાહ જોવાની જરૂર છે. મિલેવસ્કીએ જણાવ્યું હતું કે ટ્રુડો આગામી ચૂંટણી હારી જશે.

# સરકાર રાજ્યના યુવાઓનું શોષણ કરતી ‘જ્ઞાન સહાયક યોજના’ તાત્કાલિક બંધ કરે

અમદાવાદ,તા.૧૮

ગુજરાતના યુવાનોનું આર્થિક શોષણ કરતી ગેરબંધારણીય- ગેરકાયદેસર કરાર આધારિત, ‘જ્ઞાન સહાયક યોજના’ રદ કરવાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ચાણક્યએ કહ્યું હતું કે, ઉત્તમ શિક્ષણ વગર ઉત્તમ રાષ્ટ્ર સંભવ નથી ત્યારે રાજયનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલાં/યોજના જાહેર કરીને શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક થઈ રહી છે. ગુજરાતની રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં સત્વરે કાયમી શિક્ષકોની નિમણૂંક કરવામાં આવે અને ગેરબંધારણીય-ગેરકાયદેસર કરાર આધારિત, ગુજરાતના યુવાનોનું આર્થિક શોષણ કરતી ‘જ્ઞાન સહાયક યોજના’ રદ કરવામાં આવે. રાજ્યની ભાજપ સરકાર ૩૮,૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ/બંધ કરવાનું પાપ કરી રહી છે. ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટાપાયે ઘટ છે.

ગુજરાતના ૩૩ જિલ્લાની ૧૬૫૭ સરકારી શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને ભણવા માટે મજબૂર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ? રાજ્યમાં ૩૨,૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. બીજીતરફ, ટેટ-ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ હજાર જેટલા ગુજરાતના યુવાન-યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહ્યા છે પણ સરકારે કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવું કેટલા અંશે વ્યાજબી ? તાજેતરમાં રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીએ શિક્ષણની સ્થિતિ અંગે ગંભીર પરિસ્થિતિ સરકારને ધ્યાન મૂકી હતી. ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીના કારણે ગરીબ-સામાન્ય-મધ્યમ વર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ઘણી જ ગંભીર બાબત છે. કચ્છ, અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, તાપી, મહીસાગર અને દેવભૂમિ દ્વારકા મોખરે છે. પૂર્વ પટ્ટી, આદિવાસી વિસ્તારમાં ૫૫૩ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ત્યારે ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાના વ્યાપક હિત માટે જ્ઞાનસહાયક યોજના તાત્કાલિક રદ કરીને કાયમી શિક્ષકોની ભરતી કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે રાજ્યના મુખ્યમંત્રી-શિક્ષણમંત્રીને પત્ર લખી માંગ કરી છે.

# સોમનાથ સાથે જોડાયેલી છે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અનેક યાદો



(ફાઈલ તસ્વીર)

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગઈકાલે તા.૧૭મી સપ્ટેમ્બરે જન્મ દિવસ હતો ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે તેઓ ભારતના બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ છે.

કોઈ જયોતિષીએ પણ નહોતું ભાખ્યું કે ગીર સોમનાથ જીલ્લો બનશે અને નારેન્દ્ર મોદીની એકજ જાહેરાતે જીલ્લો બન્યો. સોમનાથનું પોલીસ સ્ટેશન, નવા પોલીસ કવાર્ટર સોમનાથ ખાતે શહીદ પ્રતિમા લોકાર્પણ, હરીહર વન સુવર્ણ કળશ મહોત્સવ સોમનાથ સાગર તટે નવું સર્કિટ હાઉસ સોમનાથ સાગર વોક-વે ટુરીસ્ટ ફેસેલીટી સેન્ટર, સોમનાથ ખાતે દશદિવસનો ભવ્યતામીલ સંગમ મહોત્સવ સોમનાથના રેલ્વે સ્ટેશનને તિર્થ દરજજા અનુરૂપ ૧૫૪ કરોડ રૂપિયાના ખર્ચેરી-ડેવલોપમેન્ટ સોમનાથને લાંબા અને સુપ્રસિધ્ધ સ્થળોને જોડતી રેલ્વે ટ્રેન સેવા આવું બધું અગણિત મુખ્યમંત્રી ઉપરાંત વડાપ્રધાન પદ દરમ્યાન નરેન્દ્ર મોદીએ આ વિસ્તારને ભેટ આપેલ છે.

સોમનાથ બાયપાસ સર્કલ પાસેના સોમનાથ ટ્રસ્ટના વિશાળ મેદાનમાં નર્મદા ડેમની ઉંચાઈ વધારવા નરેન્દ્ર મોદીએ જે સ્થળે પ્રતિક ઉપવાસ કર્યા હતા તે મેળાના મેદાનને લોકો મોદી મેદાન તરીકે ઓળખે છે. તો સદ્‌ભાવના મેદાન તરીકે પણ જાણીતું બન્યું છે.

જાન્યુઆરી ૨૦૨૪માં જે રામ મંદિરમાં નગારા-ઝાલર અને આરતી ઘંટનાદ થનાર છે તે લાલકૃષ્ણ અડવાણીની સોમનાથ-અયોધ્યા રામ મંદિર નિર્માણ રથયાત્રાનું સુકાન નરેન્દ્ર મોદી હસ્તકનું હતું અહીં તે વખતે સાવ સામાન્ય કાર્યકર તરીકે એટલી સુંદર વ્યવસ્થા બજાવી કે ત્યારથી તેની ચઢતીનો પ્રારંભ થયો. સોમનાથ મંદિર ટ્રસ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓને જન્મદિને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

# સ્વાદના ચાહકોને અનોખી લહેજતનો અનુભવ કરાવતી તુલસી ટી ની સેમ્પલીંગ વાનનો પ્રારંભ




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૮

તુલસી ટી, ગુજરાતની ઉત્તમ લોકપ્રિય બ્રાન્ડ્સમાં એક, એ ચાના રસિકો માટે અનોખી સેમ્પલીંગ વાન પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો છે. આ વાન ચા સારી રીતે તૈયાર કરવાની પ્રવૃત્તિ દર્શાવવાની સાથે સાથે તાજી બનેલી ચાના સેમ્પલ્સને મફત મેળવી શકશે.

લાઈવ કાઉન્ટર ધરાવતા મોબાઈલવાન, પ્રેમીઓને તાજી ઉકાળેલી તુલસી ચાના સિગ્નેચર મિશ્રણના મફત નમૂના ઓફર કરશે. આ વાન ચા બનાવવાની પ્રક્રિયા દર્શાવવાની સાથે સાથે ચાનો સ્વાદ લેવાનો અનુભવ પણ પૂરો પાડશે અને સ્વાદેન્દ્રિયોને ચાના સ્વાદ સાથે જોડશે. ચા રસિકોને ચા પીવાની સાથે સાથે બોલિવુડની ફિલ્મોના ગીતો પણ માણવા મળશે. વાનની રજૂઆત સાથે સાથે આરામદાયક બેઠક વ્યવસ્થાની પણ ગોઠવણ કરાઈ છે.

તુલસી ટી ના મેનેજીંગ ડિરેક્ટર હરેશ કથરોટિયાએ આ અંગે જણાવતા કહ્યું કે, “આ અનોખી પ્રવૃત્તિનો ઉદ્દેશ ચાના રસિકોને તેમની લોકપ્રિય ટી બ્રાન્ડ સાથે જોડવાનો છે કે જેથી ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં અમારા માનવંતા ચા રસિકો અમારી રિફાઈન્ડ બ્રાન્ડનો અનુભવ મેળવી શકે અને અનોખો આનંદ પ્રાપ્ત કરી શકે. આ વાનની રજૂઆતથી તુલસી ટીના ગ્રાહકોને આનંદદાયક પ્રવૃત્તિમાં જોડાવા ઉપરાંત નવા ગ્રાહકો પણ પ્રાપ્ત થશે. તે નવા પ્રેક્ષકોને તુલસી ચા નો પરિચય કરાવવાનો પણ હેતુ ધરાવે છે. અમે તમામ ચા પ્રેમીઓને આ પ્રવૃત્તિમાં જોડાવા અને વિવિધ મનોરંજન પ્રવૃત્તિઓમાં જોડાઈને તુલસી ચાની દુનિયાનો અનુભવ કરવા આમંત્રણ આપીએ છીએ.”

પ્રારંભમાં વાન સેમ્પલીંગની કામગીરી બનાસકાંઠા જિલ્લામાં શરૂ કરાશે અને ત્યારબાદ અન્ય જીલ્લાઓમાં પણ વિસ્તારાશે. ગરમ પીણાંની મોજ માણવાની સાથે સાથે ચા રસિકો તેમની મનગમતી ચા સ્થળ ઉપર જ ખરીદી શકશે તથા ચાની ડિસ્કાઉન્ટ કૂપન મેળવવા ઉપરાંત કેટલીક રમતોમાં પણ જોડાઈ શકશે.

આ મોબાઈલ વાન મારફતે ચાના રસિકો તુલસી ટી ના બ્રાન્ડ એમ્બેસેડર પરેશ રાવલ દ્વારા તુલસી ટીની રજૂઆત અંગેની વિજ્ઞાપનો માણી શકશે અને એ રીતે બ્રાન્ડની ઓળખ તથા અસરમાં વધારો થશે. તુલસી ટીની વાનને બ્રાન્ડની ઈમેજમાં વૃદ્ધિ થાય તે રીતે શણગારવામાં આવી છે કે જેથી ચાહકો સાથે બ્રાન્ડનું જોડાણ થઈ શકે.

ગ્રાહકોમાં આનંદનું પરિબળ ઉમેરવા માટે તથા ગ્રાહકોની સામેલગિરીમાં વધારો કરવા મુલાકાતીઓ માટે ગેમ્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ ગેમ્સમાં જીત મેળવનાર ડિસ્કાઉન્ટ કુપન આપવામાં આવશે. આ કુપન તેને હવે પછી કરાનારી ચાની ખરીદીમાં ઉપયોગી નિવડશે.

# સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડનો આઈપીઓ બુધવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ખૂલશે




અમદાવાદ, તા.૧૮

સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડ (“એસજીએલ” અથવા “કંપની”) ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩, બુધવારના રોજ તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે જેમાં સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડ (“કંપની” અથવા “ઈશ્યૂઅર”)ના દરેક રૂા.૧ના ફેસ વેલ્યુના ઈક્વિટી શેર (“ઈક્વિટી શેર”)નો સમાવશ થાય છે. આ ઈશ્યૂમાં પ્રતિ ઈક્વિટી શેરના કેશ ભાવે રોકડ (ઈક્વિટી શેર દીઠ શેર પ્રીમિયમ સહિત) રૂા.૭,૩૦૦.૦૦ મિલિયન (“ઓફર”) સુધીની કુલ રકમનો સમાવેશ થાય છે જેમાં કંપની દ્વારા રૂા.૬,૦૩૦.૦૦ મિલિયનના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (“ફ્રેશ ઈશ્યૂ”) અને વેચાણકર્તા શેરધારકો તરીકે (“ઓફર કરેલા શેર”) ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા રૂા.૧,૨૭૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ઓફર શુક્રવાર, સપ્ટેમ્બર ૨૨, ૨૦૨૩ના રોજ બંધ થશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા.૩૬૬થી રૂા.૩૮૫ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૩૮ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૩૮ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડ, વર્ષ ૨૦૨૦ અને ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા ત્રણ મહિના દરમ્યાન સપ્લાય કરાયેલા યુનિટ્સના સંદર્ભમાં (રૂા. ૮ મિલિયનની કિંમતની કેટેગરી હેઠળના) કિફાયતી અને લોઅર મીડ સેગમેન્ટ હાઉસિંગમાં દિલ્હીના નેશનલ કેપિટલ રિજન (“દિલ્હી એનસીઆર”)માં સૌથી મોટી રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કંપની છે જે ૧૯%નો બજાર હિસ્સો ધરાવે છે (સ્રોતઃ એનારોક રિપોર્ટ).

કંપનીએ વર્ષ ૨૦૧૪માં તેની સબસિડિયરી, સિગ્નેચર બિલ્ડર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા, હરિયાણાના ગુરૂગ્રામમાં ૬.૧૩ એકર જમીન પર અમારા સોલેરા પ્રોજેક્ટની શરૂઆત સાથે કામગીરી શરૂ કરી હતી. તેણે વર્ષોથી અને એક દાયકા કરતાં ઓછા સમયમાં તેની કામગીરીમાં વધારો કર્યો છે અને ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં તેણે દિલ્હી એનસીઆર રિજનમાં ૨૭,૯૬૫ રેસિડેન્શિયલ અને કોમર્શિયલ યુનિટ્સનું વેચાણ કર્યું છે જેમાં એકંદરે સેલેબલ એરિયા ૧૮.૯૦ મિલિયન ચોરસ ફૂટ રહ્યો છે. કંપનીનું વેચાણ (નેટ ઓફ કેન્સલેશન) ૪૨.૪૬%ના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (“સીએજીઆર”)થી વધ્યું છે, જે નાણાંકીય વર્ષ ૨૦૨૧માં રૂા.૧૬,૯૦૨.૭૪ મિલિયનથી નાણાંકીય વર્ષ ૨૦૨૩માં રૂા.૩૪,૩૦૫.૮૪ મિલિયન થયું હતું. માર્ચ ૩૧, ૨૦૨૩ સુધીમાં, ૨૫,૦૮૯ રેસિડેન્શિયલ યુનિટ્સનું વેચાણ થયું હતું જેમાં યુનિટ દીઠ રૂા.૩.૬૦ મિલિયનની સરેરાશ વેચાણ કિંમત હતી.

સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા)એ એક ઈન્ટિગ્રેટેડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ મોડલ અપનાવ્યું છે, જેમાં શરૂઆતથી લઈને પૂર્ણતા સુધી પ્રોજેક્ટ્સ ચલાવવા માટે ઈન-હાઉસ ક્ષમતાઓ અને સંસાધનો છે જે તેને સ્પર્ધાત્મક ભાવે પ્રોજેક્ટ્સ ઓફર કરવામાં સક્ષમ બનાવે છે. તેની મુખ્ય શક્તિઓમાં કંપનીની એ ક્ષમતા છે કે તે જમીન પરના પ્રોજેક્ટ્સને અસરકારક રીતે ટર્નઅરાઉન્ડ કરે છે અને તે સામાન્ય રીતે જમીન સંપાદનની તારીખથી ૧૮ મહિનાના સમયગાળામાં પ્રોજેક્ટ શરૂ કરે છે.

કંપની ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં પ્રત્યક્ષ વેચાણમાં રોકાયેલા ૫૯૩ ચેનલ પાર્ટનર્સ અને ૪૧ કર્મચારીઓની ઈન-હાઉસ ટીમ અને પરોક્ષ વેચાણ માટે ૧૦૦ કર્મચારીઓની ઈન-હાઉસ ટીમ સાથે, તેના લક્ષિત ગ્રાહક સેગમેન્ટ્સ પર કેન્દ્રિત એક વ્યાપક ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવે છે, જેના લીધે ઓફરિંગની વર્તમાન સિદ્ધિ હાંસલ થઈ શકી છે. કંપની ઈન્વેન્ટરીના વેચાણ માટે ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ પણ કરી રહી છે. કંપનીના એએચપી (એફોર્ડેબલ હાઉસિંગ) પ્રોજેક્ટ્સ ડિરેક્ટોરેટ ઓફ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ, હરિયાણા (“ડીટીસીપી”) દ્વારા ફરજિયાત કરાયા મુજબ ડિજિટલ ચેનલો દ્વારા જ વેચવામાં આવે છે અને જાન્યુઆરી ૨૦૨૨થી એએચપી પ્રોજેક્ટ્સ હેઠળ તેની સમગ્ર પ્રોજેક્ટ ઈન્વેન્ટરી સરકારી વેબસાઈટ સહિત એક્સક્લુઝિવલી ઓનલાઈન વેચવામાં આવી રહી છે. કંપનીના રોકાણકાર આધારમાં આઈએફસી અને એચડીએફસી કેપિટલ એડવાઈઝર્સનો સમાવેશ થાય છે જેમણે કંપની દ્વારા મૂડી એકત્રિત કરવા માટે હાથ ધરાયેલા વિવિધ રાઉન્ડ્સમાં ભાગ લીધો હતો.

# એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલ પ્રભાસ પાટણ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૮

એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કૂલ પ્રભાસ પાટણ ખાતે QDC -૨ કક્ષાએ ગણિત વિજ્ઞાન પ્રદર્શન (બાળ વૈજ્ઞાનિક)-૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્વામી રામસ્વરૂપદાસજી તથા નરેશભાઈ ગુંદરણીયા (કો-ઓર્ડીનેટર શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર - ગીર સોમનાથ)ના હસ્તે રીબીન કાપી, દીપ પ્રાગટય કરી વિજ્ઞાન મેળાને ખુલ્લો મુકવામાં આવેલ. ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં ક્યુ.ડી.સી. ની ૮ શાળાઓએ ભાગ લીધો હતો.

અલગ- અલગ ૫ વિભાગોમાં કુલ ૧૬ જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કૃતિઓ સાથે જે તે શાળાના બાળ વૈજ્ઞાનિકો અને તેમના માર્ગદર્શક શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. દરેક વિભાગમાં પ્રથમ ક્રમાંકે આવેલ શાળાઓને આમંત્રિત મહેમાનો હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવેલ. આ સાથે પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ શાળાઓને અને બાળ વૈજ્ઞાનિકોને પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં એસવીએસ કન્વીનર કાલવાત સાહેબ (આઈ. ડી. ચૌહાણ હાઈસ્કૂલ વેરાવળ) ડો.લાખાણી (સોમનાથ ટ્રસ્ટ આયુર્વેદિક સરકારી દવાખાનુ) હાજર રહેલ તેમજ ઝાલા સાહેબ (મીઠાપુર પ્રા. શાળા) તથા અમીન (પેસેન્ટર કુમાર શાળા પ્ર.પાટણ) આ પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે સંતોષકારક કામગીરી બજાવેલ છે. પ્રદર્શનને આજુ બાજુની શાળાઓના અંદાજિત ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રદર્શન ને નિહાળેલ છે. ભાગ લીધેલ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ડી. એમ. રામાણી તથા સુપરવાઈઝર બી .આર. ખેર દ્વારા કરવામાં આવેલ તેમજ એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલ નાં સમગ્ર સ્ટાફ ગણ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરી આ ગણિત વિજ્ઞાન પ્રદર્શન સફળ બનાવેલ છે.

### ગુજરાત ફૂટબોલની ‘ખુશબુ’ હવે અન્ડર-૧૭ ભારતીય મહિલા ટીમમાં

# અમદાવાદની ૧૬ વર્ષની ખુશબુ સરોજ ૧૯થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન થાઈલેન્ડ એ.એફ.સી.ટૂર્નામેન્ટ રમવા જશે



મુંબઈ,તા.૧૮

અમદાવાદની ૧૬ વર્ષની ફૂટબોલ ખેલાડી ખુશબુ સરોજ હવે રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે. એ.એફ.સી.અંડર-૧૭ મહિલા ચેમ્પિયનશિપની ક્વોલિફાયર રાઉન્ડ-૨ માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં એક માત્ર ગુજરાતી ખુશબુ સરોજની પસંદગી કરવામાં આવી છે. મોટા ભાગે રાષ્ટ્રીય ટીમમાં મણીપુર અને ઓડીશાની મહિલા ફૂટબોલરોનો દબદબો વધુ રહેતો હોય છે ત્યારે તેમની વચ્ચે ગુજરાતની ખેલાડીએ પોતાના શાનદાર પ્રદર્શનના આધારે પ્રવેશ મેળવતાં ગુજરાત ફૂટબોલનું ગૌરવ વધાર્યું છે. ખુશબુ હવે ૧૯ થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન થાઈલેન્ડમાં એ.એફ.સી.અંડર-૧૭ મહિલા ચેમ્પિયનશિપની ક્વોલિફાયર રાઉન્ડ-૨ માં ભાગ લેવા માટે રવાના થશે.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ પરિમલ નથવાણીએ ખુશબુને તેની સિદ્ધિ બદલ શુભેચ્છા પાઠવી હતી અને એસોસિયેશન તરફથી ૨૫૦૦૦ની રોકડ પ્રોત્સાહક રાશિ પ્રદાન કરવાની જાહેરાત કરી હતી. ખુશબુ સરોજ ગત વર્ષે ગુજરાતમાં રમાયેલી ૩૬મી નેશનલ ગેમ્સમાં ગુજરાતની મહિલા ટીમ તરફથી સૌથી નાની ઉંમરમાં રમનારી પહેલી યુવા મહિલા ફૂટબોલર બની હતી. ખુશબુએ ગુજરાતની સીનિયર મહિલા ટીમ તરફથી નેશનલ ચેમ્પિયનશિપમાં રમતાં સૌથી વધુ ૭ ગોલ ફટકાર્યા હતા. ખુશબુને આ સ્ટેજ સુધી પહોંચાડવા માટે તેના માતા-પિતાએ પણ ઘણો સંઘર્ષ કર્યો છે. ખુશબુ સરોજની સફળતામાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનની સાથે સાથે કહાની ફૂટબોલ એકેડેમીનાં સ્થાપક મનીષા શાહ અને તેનાં કોચ લલિતા સાહનીનો પણ મહત્વનો ફાળો રહ્યો છે.

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએશન રાજ્યમાં ગર્લ્સ ફૂટબોલને આગળ ધપાવવા લગાતાર પ્રયત્નશીલ છે અને તે માટે અલગ અલગ આયુ વર્ગની મહિલાઓ માટે ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટો અને સ્ટેટ વિમેન્સ ઈન્ટર કલબ લીગ ટુર્નામેન્ટોનું આયોજન કરે છે. વર્ષ ૨૦૨૩-૨૪ની સીઝનમાં અન્ડર-૧૩, અન્ડર-૧૫ અને અન્ડર-૧૭ આયુવર્ગમાં ખેલો ઈન્ડિયા ગર્લ્સ ફૂટબોલ લીગ રમાડવાનું આયોજન છે. ઑલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન અને સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ઈન્ડિયા તથા ગુજરાત રાજ્યની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી આ ટુર્નામેન્ટો રમાડવાનું આયોજન છે.

### ઈન્સ્ટન્ટ લોન એપ્સ પર પ્રતિબંધની તૈયારી

# અસુરક્ષિત એપ સ્ટોર પર લિસ્ટ ન કરવા ગુગલ-એપલને નિર્દેશ

**કેન્દ્ર દ્વારા લોકો સાથે થતી ઠગાઈ-છેતરપિંડીને ધ્યાનમાં રાખીને ગુગલ-એપલ બંનેને એડવાઈઝરી જારી કરાઈ**

નવી દિલ્હી, તા.૧૮: જો તમને પણ તાત્કાલિક લોન આપનારા એપ્સથી પરેશાની હોય તો તમારા માટે આ મોટા સમાચાર છે. ભારતમાં તમામ પ્રકારની ઈન્સ્ટન્ટ લોન એપ્સ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી ચાલી રહી છે. સરકારે આ મામલે ગૂગલ અને એપલને આદેશ આપી દીધો છે. સરકારે આ નિર્ણય આવી લોન એપ્સ દ્વારા લોકો સાથે થઈ રહેલી ઠગાઈ-છેતરપિંડીને ધ્યાનમાં રાખીને લીધો છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી રાજ્યમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે આજે ગુગલ એપ સ્ટોર અને એપલ એપ સ્ટોર બંને પર અનેક ઍપ્લિકેશન છે જેનો ભારતીયો દ્વારા ઉપયોગ કરાય છે. અમે એપ્લિકેશનના એક સેટને ટ્રેક કરી રહ્યા છીએ જે લોન એપ્લિકેશન છે. તેમણે આગળ કહ્યું કે અમે ગુગલ અને એપલ બંનેને એક એડવાઈઝરી જાહેર કરી છે કે તેઓ અસુરક્ષિત એપ્લિકેશન કે ગેરકાયદે એપ સ્ટોર પર લિસ્ટ ન કરે. તમામ ડિજિટલ નાગરિકો માટે ઈન્ટરનેટને સુરક્ષિત અને વિશ્વસનીય બનાવી રાખવું અમારી સરકારનું મિશન અને ઉદ્દેશ્ય છે. રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે આ એપ્સને સંપૂર્ણપણે ખતમ કરવા માટે આરબીઆઈ સાથે જલદીથી જલદી બેઠક યોજાશે અને એક યાદી બનાવાશે. એ યાદી આવ્યા બાદ ફક્ત એ જ એપ ઈન્સ્ટન્ટ લોન આપી શકશે જે એ યાદીમાં સામેલ રહેશે. તેના માટે એક માપદંડ નક્કી કરાશે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલથી ગણપતિ મહોત્સવનો પ્રારંભ થશે

## જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ગણપતિ ઉત્સવની ઉજવણીના આયોજનો : દુંદાળા દેવના આગમનને વધાવવા તડામાર તૈયારીને અંતિમ ઓપ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮

વિઘ્નહર્તા દેવ અને રિધ્ધીસિધ્ધાના દાતા એવા ભગવાન ગણેશજીના મહિમા વર્ણવતા ગણપતિ ઉત્સવની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલથી ભાવભેર ઉજવણી થશે. વાજતેગાજતે ભગવાન ગણેશજીના સ્થાપન સાથે ઉજવણીનો પ્રારંભ થશે અને એકલા જૂનાગઢ જ નહી સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં ગણેશ ઉત્સવને ધામધુમથી ઉજવવા ભારે ઉત્સાહ પ્રર્વિતી રહ્યો છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો જૂનાગઢમાં વિવિધ વિસ્તારોમાં અને સોસાયટીઓમાં પંડાલો ઉભા કરી અને આવતીકાલે ગણેશજીની સ્થાપના કરવામાં આવશે. તેમજ લોકો પોતાના ઘરે પણ ગણપતિજીનું સ્થાપન કરી પૂજનક, અર્ચન, આરતી સહિતના કાર્યક્રમો યોજશે. દસ દિવસ સુધી ગણેશ ઉત્સવ ઉજવણીનો કાર્યક્રમ યોજાશે અને દુંદાળા દેવને રીઝવવા માટે ભાવિકો કાલાવાલ કરશે. દેવાનો દેવ એવા ભગવાન શિવજીના મહિમા વર્ણવતા શ્રાવણ માસની પુર્ણાહુતી અને હવે ભાદરવા માસના પ્રારંભ સાથે આવતીકાલે ગણેશ ચર્તુથીના પાવન પ્રસંગે ગણપતિ ઉત્સવનો પ્રારંભ થશે. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ભગવાન ગણેશજીની મૂર્તિનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે. કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલી ભગવાન ગણેશજીની આકર્ષક મૂર્તિઓને ખરીદવા અને ભગવાન ગણેશજીનું રૂડી રીતે સ્થાપન કરી અને ગણપતિ ઉત્સવ ઉજવવા માટે લોકો ગણેશજીની મૂર્તિની ખરીદી કરી રહ્યા છે. રૂા.૧૫૦થી રૂા.૫૦૦૦ સુધીની કિંમતની મૂર્તિઓનું વેંચાણ થઈ રહ્યું છે.

દરમ્યાન ભગવાન ગણેશજીના આગમનને વધાવવા જાણે મેઘરાજા આતુર હોય તેમ ગઈકાલથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાં વરસાદનું આગમન થયું છે. જૂનાગઢ શહેર અને જીલ્લા વિવિધ વિસ્તારોમાં વરસાદ પડયાના અહેવાલો છે.

## ફરાર આરોપીને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરના એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ એકટ કલમ ૮(સી),૨૨(સી), ૨૯ મુજબના આ કામના આરોપી સાગર ઉર્ફે સાગરો પ્રવિણભાઈ રાઠોડ રહે.બિલખા રોડ, આંબેડકરનગર, જૂનાગઢ વાળાને ગત તા.૯-૫-૨૦૨૩ના રોજ દિન-૭ના વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય અને તેને તા.૧૫-૫-૨૦૨૩ના રોજ જૂનાગઢ જીલ્લા જેલ ખાતે હાજર થવાનું હોય પરંતુ આરોપી હાજર નહી થતા ફરાર થઈ જતા તેના વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ અને આ શખ્સને પકડવાનો હોય જેથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હતી. આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ જે.જે. ગઢવી અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીના આધારે આ શખ્સ તેના રહેણાંક મકાન નજીક ઉભો છે તેવી હકિકતના આધારે પોલીસ ટીમે તપાસ કરતા જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સાગર ઉર્ફે સાગરો પ્રવિણભાઈ રાઠોડને ઝડપી લઈ તેને જીલ્લા જેલ ખાતે સોંપી દેવામાં આવેલ છે. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર જે.જે. પટેલ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.જે. ગઢવી, પોલીસ સબ ઈન્સ્પેકટર ડી.કે. ઝાલા તથા પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ સબઈન્સ્પેકટર વાય.પી. હડીયા તથા ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના એએસઆઈ પુંજાભાઈ ભારાઈ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ આઝાદસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા, મજીદખાન પઠાણ તથા પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ કોન્સ્ટેબલ દિપકભાઈ બડવા, દિવ્યેશકુમાર ડાભી પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.

## જૂનાગઢમાં ૧૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તેમજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક હિતેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્ર દ્વારા પ્રોહિબિશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ સામે કડક પગલા ભરવામાં આવી રહ્યા છે. આ દરમ્યાન સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે. ઉંઝીયા અને સ્ટાફ દ્વારા પણ સતત કામગીરી કરવામાં આવી રહી છે. એ દરમ્યાન સી ડીવીઝન પોલીસ કાફલો પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન ચોક્કસ હકિકત મળેલ કે જૂનાગઢ મધુરમ વિસ્તારમાં રહેતો કરણ અરભમભાઈ તેના સાગરીતો સાથે મળી મધુરમ વિસ્તારમાં તેના કબ્જાભોગવટાના મકાને ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ હોય અને તેસગેવગે કરવાની તૈયારીમાં છે તેવી બાતમીના આધારે સી ડીવીઝન પોલીસે આરોપીના રહેણાંક મકાને તપાસ કરતા ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૧૫ તથા છુટી બોટલો નંગ-૬ સહિત ૧૮૯ બોટલ રૂા.૭૫,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. તેમજ કરણ અરભમભાઈ ઓડેદરા,



હરેશ ઉર્ફે હરીયો અરભમભાઈ ઓડેદરા અને રામદેભાઈ ભુરાભાઈ ઓડેદરા હાજર નહી મળી આવતા આ આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબિશન ધારા હેઠળ ગુનો દાખલ કરી તેમને ઝડપી લેવા ચક્રોગતિમાન કરેલ છે.

## મજેવડી દરવાજા પ્રકરણમાં ૧૧૫ આરોપીઓને આજે કોર્ટમાં રજુ કરાયા



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ શહેરમાં મજેવડી દરવાજા ખાતે ગત તા. ૧૬ જૂનનાં રોજ ગેબનશાહ દરગાહને જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા નોટીસ આપવામાં આવેલી હતી જે નોટીસનાં સંદર્ભમાં મજેવડી દરવાજા વિસ્તારમાં ગત તા. ૧૬ જૂનનાં રોજ ટોળા અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતુ આ ઘર્ષણની ઘટના બાદ જૂનાગઢ પોલીસે વ્યાપક કાર્યવાહી કરીને ૧૧૫ આરોપીઓ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. તેમજ આ ગુનામાં હજુ પણ કેટલાક આરોપીઓ ફરાર છે જયારે ધરપકડ કરાયેલા ૧૧૫ આરોપીઓને આજે જૂનાગઢ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા છે. એક સાથે ૧૧૫ આરોપીઓને કોર્ટમાં રજુ કરવામાં આવતા તે પહેલા જૂનાગઢ જેલ તેમજ કોર્ટ સંકુલ ખાતે ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો.

જૂનાગઢ જેલ થી લઈ કોર્ટ સંકુલ સુધીનાં વિસ્તારને પોલીસ વાહનો તેમજ જીલ્લાભરની પોલીસ દ્વારા કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે ૧૧૫ આરોપીઓને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. નિયમ મુજબ ૯૦ દિવસમાં ચાર્જશીટ રજુ થઈ જવું જોઈએ તેથી પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલા ચાર્જશીટ ઉપર આગળની કાર્યવાહી થશે તેવું કાયદાકીય નિષ્ણાંતો જણાવી રહયા છે.


**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકોઆ ફાકી ફક્ત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

**જૂનાગઢ**



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**

**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજોમાળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**ફ્લેટ વેચવાનો છે**

2 BHK ડાઈનીંગ, ફ્લેટ

2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,

**દલાલભાઈ આવકાર્ય**

**મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦**



**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ


ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યક્તિ દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**

**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨





**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

- શુંઆપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટીપ્લોટ કેમેદાન રાખવાનું વિચારી રહયા છો?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો?
- શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો?

તો મુંઝાશો નહી... કારણ કે....

**જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...**

**આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓસ્કેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે**

**વહેલા તે પહેલાનાં ધોરણે**

**તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?**

**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**

**જૂનાગઢ**



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




**બીના ઈલેક્ટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

**0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ**

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



